અંક - 05

Date :- 15/12/2021

નિર્મોહી

એક અવાજ

nirmohimagazine@gmail.com

@nirmohimagazine

નિર્મોહી ઈ મેગેઝિન

VISIT…

LANZAROTE
Caliente.COM

નિર્મોહી
એક અવાજ

નિર્મોહીની કલમે

તંત્રી
અંકિત ચૌધરી "શિવ"

✉ nirmohimagazine@gmail.com

@nirmohimagazine

નિર્મોહી ઈ મેગેઝિન

લેખકને જોઈને અમુક લોકોનું એવું કહેવું હોય છે કે એક લેખકનું કામ શું? ફક્ત કાગળ, પેન અને ગપ્પા! જેનું કોઈ અસ્તિત્વ જ નથી. પણ એ લોકોને કોણ સમજાવે કે લેખક બનવું આસન પણ નથી, શબ્દોની કાલ્પનિક દુનિયામાં બધા ન જઈ શકે! જ્યાં એક લેખક દરેક લોકોને લઈ જાય છે. કાલ્પનિક દુનિયાના કાલ્પનિક કિરદાર સમાજને સદમાર્ગે દોરવા માટે લેખક ઘડે છે પણ લોકોને તો બસ એમ જ લાગે કે આ બધું વ્યર્થ છે. કોઈ સારા માણસની પ્રગતિ લોકો જોઈ જ નથી શકતા, એટલે એમને બધું વ્યર્થ લાગે છે. પણ કરી જુઓ કોઈ લેખક સાથે મુલાકાત, ત્યારે ખબર પડશે કે લેખક કેટલું સહિને તમારી માટે વાર્તા ઘડે છે. તમે લોકો જે વાર્તાને સારા કે ખોટા પ્રતિભાવ આપી દો છો ને! એ વાર્તાને એક લેખક જીવે છે. કોઈ કિરદાર ખુશ તો લેખક ખુશ, કોઈ કિરદાર દુઃખી તો લેખક પણ દુઃખી, આ રીતે કિરદાર સાથે જે જે થાય છે એ બધું હકીકતમાં તો નહિ પણ લેખકના મન અને દિલ સાથે પણ થાય છે. તો કોઈની કલમ તરફ આંગળી કરતાં પહેલા એટલું વિચારી લેજો કે તમારા જેવા કેટલાય લોકોને લેખત સાચા માર્ગ ઉપર લઇ આવ્યો છે, હજુ તમે નથી આવ્યા તો તમે બદલાવા નથી માગતા. પછી તમને જે લાગે એ બાકી લેખક કોઈને ફોર્સ નથી કરતો કે મને વાંચો અને મારા કહ્યા પ્રમાણે વર્તન કરો અથવા મારા પ્રોફેશનને નીચું આંકો...

તંત્રી અંકિત ચૌધરી "શિવ"

Disign
નિર્મોહી
Editor
Team

નોંધ -

"નિર્મોહી - એક અવાજ" સામયિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી, જે તે લેખક કે કંપનીનાં છે. તેની સાથે તંત્રી કે સંપાદક સહમત છે તેવું માનવું નહિ! સર્વ હક્ક પ્રકાશનને આધીન છે.

અનુક્રમણિકા

01. નિર્મોહી એક વાર્તા -
અધૂરાશ - અંકીત ચૌધરી"શિવ" ૦૧

02. સુખની સવારી નિર્મોહી -
યોગ શિક્ષણ - રચના શાહ ૦૬

03. મનનું ચિંતન -
સ્કૂલ ખોલવાનો નિર્ણય કેટલો યોગ્ય? - ભારતી ભંડેરી "અંશુ" ૦૮

04. વિચારોની લહેર -
મુવ ફોર્વડ - નેહા વારસુર ૦૯

05. ચાલો ફરી લઈએ
શ્રી કલિકુંડ તીર્થ ધોળકા - રાજુલ શાહ ૧૧

06. શુભમ ભવતુ...
ગીતા જયંતી & મોક્ષદા એકાદશી - વૈભવી જોશી ૧૨

07. નિર્મોહીને ગર્વ છે - વ્યક્તિ વિશેષ
જસવંતીબહેન પોપટ - નિર્મોહી સંપાદન ૧૫

08. કેટલું યોગ્ય? -
સાહિત્યની ચોરી - કિરણ બી. શર્મા "પ્રકાશ" ૧૭

09. રસોડાની રાણી -
અડદપાક, ગુલાબપાક - અલ્પા ભદ્રા ક્રિષ્ના ૧૮

10. મહેફિલ - ગઝલ અને કાવ્ય
અંકિત ચૌધરી, અનુમિતા , ભરત વૈષ્ણવ, ભાવુબેન પ્રજાપતિ ૨૦

11. વ્હાલી નિર્મોહી - બાળગીત & બાળવાર્તા..
ભરત ગોસ્વામી, ચૈતન્ય જોષી, ભારતી ભંડેરી ૨૨

અંકિત ચૌધરી "શિવ"

શહેર - ઊંઝા, મહેસાણા
અભ્યાસ - M.A. B.Ed in English
વ્યવસાય - શિક્ષક
સફળ વાર્તા - કર્તવ્ય - એક બલિદાન, જંતર મંતર, અધૂરાશ

અધૂરાશ

આરાધ્યા કોઈક છોકરી સાથે વાત કરી રહી હતી અને પેલી છોકરીએ આરાધ્યાના પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું,

"હું અહીં જ રહું છું અને અત્યારે હું મારું ગમતું ગીત ગાઈ રહી છું. અને આ સ્થળ ક્યાં સૂમસામ છે અહીં ઘણા અતૃપ્ત જીવ રહે છે, જેમનો સાથ મારી સાથે વર્ષોથી છે."

પેલી છોકરીની વાત સાંભળીને આરાધ્યા મૂંઝવણમાં મુકાઇ ચૂકી હતી. આરાધ્યાએ તેને પૂછ્યું,

"શું વર્ષોથી તમે અહીં રહો છો! અને તમારી સાથે ઘણા અતૃપ્ત જીવ પણ અહીં રહે છે? મને કંઈ સમજાઈ નથી રહ્યુ! તમે શું કહેવા માગી રહ્યા છો!"

પેલી છોકરી આગળ કંઇક બોલે એની પહેલા જ ત્યાં પ્રયાગ આવી ગયો અને તે આરાધ્યાને કોઈક સાથે વાત કરતાં જોઈને અચંબિત થઈ ગયો. તે ફટાફટ આરાધ્યા પાસે આવી ગયો અને જોવા લાગ્યો કે કોણ છે! પણ એને કોઈ દેખાયું નહિ!!કેમકે આસપાસ કોઈ જ નોહતું! એટલે તે થોડો ચોંકી ગયો અને પૂછવા લાગ્યો,

"આરાધ્યા કોની સાથે વાત કરી રહી છે તું?"

"પેલા કિનારે એક છોકરી છે તેની સાથે, તને ખબર છે તે અહીં વર્ષોથી રહે છે."

આરાધ્યાની વાત સાંભળીને પ્રયાગ આમતેમ જોવા લાગ્યો પણ ત્યાં કોઈ નોહ્તું, પ્રયાગના આવતાંની સાથે જ પૂર્વી ત્યાંથી ગાયબ થઈ ચૂકી હતી. ત્યાં આજુબાજુ કોઈ ન દેખાતાં પ્રયાગ બોલ્યો,

"આરાધ્યા અહીં કોઈ નથી! મને લાગે છે કે નક્કી તને કોઈ ભ્રમ થયો છે, જેને લીધે તું જે નથી એ જોઈ રહી છે."

"અરે યાર, તું ધ્યાન થી જો! એ અહીં જ છે, આ બેઠી!"

આરાધ્યા આટલું બોલીને પાછળ તરફ ફરી, તો ત્યાં કોઈપણ નોહ્તું! આરાધ્યા આ જોઈને ચોંકી ગઈ અને વિચારમાં પડી ગઈ કે "આવું કઈ રીતે બની શકે! જે છોકરી એક મિનિટ પહેલાં અહીં હતી એ ગાયબ કઈ રીતે થઈ શકે!" આરાધ્યાના નાજુક મનમાં પૂર્વી ઘણા બધા પ્રશ્નો છોડી ચૂકી હતી. જેના જવાબ આરાધ્યા પાસે હતા જ નહિ!

"પ્રયાગ એ હમણાં અહીંજ હતી અને એણે મને કહ્યું કે એ વર્ષોથી અહી છે અને એ એકલી નથી!"

"એકલી નથી તો કોણ હતું એની સાથે?" પ્રયાગ ખૂબ સિરિયસ થઈને પૂછવા લાગ્યો,

"આમ તો એ એકલી જ હતી પણ એ કહેતી હતી કે એની સાથે ઘણા અતૃપ્ત જીવ પણ છે..."

આરાધ્યાના જવાબે થોડા સમય માટે પ્રયાગને ડરાવી દીધો, પણ થોડા સમય પછી પ્રયાગ વિચારવા લાગ્યો કે "આરાધ્યા મારી સાથે કોઈ રમત રમી રહી છે. જેના અંતે જો હું ડરપોક સાબિત થયો તો આરાધ્યા મને હંમેશાં માટે ડરપોક કહીને જ સાદ કરશે! મારે એની નજરમાં ડરપોક સાબિત ક્યારેય નથી થવું! લાવ હું એનો ખેલ ઉલટો પાડી દઉં...." પ્રયાગ પોતાના વિચાર પ્રમાણે,

"અતૃપ્ત જીવ!"

"હા પ્રયાગ અતૃપ્ત જીવ....."

અધૂરાશ

"તો તો નક્કી એ ડાયન હશે! મને લાગે છે ત્યાં સુધી એ શ્રાપિત હવેલીની શ્રાપિત કન્યા છે. જે શ્રાપના લીધે ડાયન બનીને વર્ષોથી એની અધૂરી અધૂરાશ પૂરી કરવા ભટકી રહી છે."

"શું તેની કોઈ અધૂરી આશ બાકી છે? તને ખબર છે એની અધૂરી આશ શું છે?"

"મને પાક્કી તો નથી ખબર પણ એની અધૂરી આશ એક સુંદર છોકરીનું ખૂન પીવાની છે, જે દેખાવમાં એના જેવી જ બિન્દાસ હોય, જેની અંદર જરાય પણ ડર ન હોય.... આવી છોકરીની એને વર્ષોથી તલાસ છે પણ મને લાગે છે હવે એની તલાશ પૂરી થઈ ચૂકી છે."

પ્રયાગની વાત સાંભળીને આરાધ્યા ખૂબ ડરી ગઈ, તે ડરતાં ડરતાં પૂછવા લાગી,

"શું! એની તલાસ પૂરી થઈ ચૂકી છે."

"હા, એની તલાશ હવે પૂરી થઈ ચૂકી છે.... આજથી પહેલાં પૂર્વી જે લોકોને દેખાઈ છે એ લોકો આ જગતમાંથી ભૂસાયા છે. આરાધ્યા હું તને ડરાવવા નથી માગતો પણ તું બચીને રહેજે! આજે તને પૂર્વી બે વાર દેખાઈ છે તો આજે તારી અંતિમ રાત ન હોય....."

પ્રયાગની વાત સાંભળીને આરાધ્યા જોરજોરથી રડવા લાગી ગઈ અને બોલવા લાગી,

"પ્રયાગ... પૂર્વીને હું બે વાર જોઈ ચૂકી છું, મને લાગે છે કે આજે મારો છેલ્લો દિવસ છે, પણ હું પેલી શ્રાપિત હવેલી જોયા વગર નથી મરવા માગતી... હે ઈશ્વર મને બચાવી લે! પ્રયાગ તું કંઇક કર હું નથી મરવા માગતી! પ્લીઝ મને બચાવી લે પ્રયાગ, પ્લીઝ મને બચાવી લે...."

આરાધ્યા ખૂબ ડરી ચૂકી હતી, જેના લીધે તે ખુબજ રડી રહી હતી. પ્રયાગની ઉપર પોતાનો જ મજાક ભારે પડી રહ્યો હતો કેમકે આરાધ્યા શાંત થવાનું નામ જ ન લઈ રહી હતી.

આરાધ્યા રડતાં રડતાં પ્રયાગની બાહો તરફ જવાની કોશિશ કરવા લાગી, પ્રયાગ આરાધ્યાને પોતાની બાહોમાં ભરવા માટે હાથ ફેલાવ્યા પણ આરાધ્યાએ તેના ગળે લાગવાની જગ્યાએ તેને પાણીમાં ધક્કો મારી દીધો. પ્રયાગ પાણીમાં જઈને પડ્યો, જે જોઈને આરાધ્યા જોરજોરથી હસવા લાગી હતી.

"તને શું લાગે છે કે હું તારી વાતમાં આવીને ડરી જઈશ? આરાધ્યા દેસાઈ આટલી નાની અમથી વાતથી ડરી જતી હોત ને તો આજે hunted house ઉપર P.H.D. અને hunted આરું બનીને પ્રેત આત્માઓ ઉપર બ્લોગ ન લખતી હોત! ડરપોક તું છે પ્રયાગ દેસાઈ હું નહિ.... આજ પછી મારી સાથે ભૂલથી પણ આવી મજાક ન કરતો! રીસર્ચ પાર્ટનર બનીને આવ્યો છે, તો એ કામ ઉપર ધ્યાન આપ... અને હા મારો હમદર્દ બનવાની કોશિશ જરાય પણ ન કરતો, કેમકે ભૂલ નહિ આપણે રીસર્ચ પાર્ટનર છીએ, મિત્રો નહિ!"

આરાધ્યાની મજાક સાથે શરૂ થયેલી વાત ક્રોધ સાથે પૂરી થઈ. પ્રયાગને પોતાનો મજાક ખૂબ ભારે પડ્યો હતો. એક તો શિયાળાની કડકડતી ઠંડી અને એમાં પણ આરાધ્યા તેને તળાવની અંદર ધક્કો મારી ચૂકી હતી. પૂર્વી પણ આ બંનેની આસપાસ ભટકી રહી હતી. આરાધ્યા જઈને જમવા માટેની તૈયારી કરી કરવા લાગી અને પછી પ્રયાગ સાથે રાત્રિ ભોજન લીધું! પણ આ દરમિયાન બંને એકબીજા સાથે વાત પણ નથી કરતા, શાયદ આ બંને વચ્ચે પ્રયાગના એક નાનકડા મજાકને લીધે દૂરી આવી ચૂકી હતી.

પ્રયાગ અને આરાધ્યા ભલે અત્યારે એક બીજા સાથે વાત નોહતા કરી રહ્યા, પણ આ જગ્યા શ્રાપિત હવેલીની ખૂબ નજીક હતી અને ઉપરથી એટલી જ સૂમસામ! પૂનમની રાત હોવાને લીધે અહીં ઉપર એટલો અંધારપટ નોહતો પણ કાળી શક્તિ થોડી વધારે શક્તિશાળી થઈ રહી હતી. આરાધ્યા અને પ્રયાગની આ ચુપ્પી જ પૂર્વીનું હથિયાર બને એમ હતી! આરાધ્યા અને પ્રયાગ એક જ ટેન્ટમાં અજનબીની જેમ રોકાયા હતા. થોડા સમય પછી બંને ખૂબ થાકી ચૂક્યા હતા એટલે ગહેરી ઊંઘમાં સુઈ ગયાં....

અધૂરાશ

રાતના ઠીક ત્રણ અને તેત્રીસ થઈ હતી, કે સમયે આરાધ્યા પાણી પીવા માટે ઉઠી, પોતાની પાસે જે પાણી હતું એ તો પૂરું થઈ ચૂક્યું હતું અને તરસ પણ ખૂબ લાગી હતી એટલે આરાધ્યાએ પ્રયાગ તરફ નજર કરી. પ્રયાગ પાસે પાણીની બોટલ પડી હતી પણ આરાધ્યા તેના ગુસ્સાને લીધે પ્રયાગનું પાણી પીવા માટે તૈયાર નોહતી! પાણીનું તળાવ પણ નજીક હતું એટલે આરાધ્યા પ્રયાગ સાથે કોઈ સમજોતો કરવા માગતી નોહતી. આરાધ્યા ઊભી થઈને બહાર તળાવ તરફ ગઈ અને ત્યાંથી પાણી પીવા લાગી. પાણીની બોટલ ભરવા માટે નીચે નમી કે તરત જ પાણીમાં તેને કોઈકની પડછાઈ દેખાઇ. આરાધ્યા તરત જ પાછળ ફરી પણ ત્યાં કોઈજ નોહતું.. ફરીવાર આરાધ્યા પાણી ભરવા લાગી અને ત્યારે તેના કાન સુધી એક અવાજ આવ્યો....

રાત કે હમસફર, થક કે ઘર કો ચલે
ઝૂમતી આ રહી હૈ સુબહ પ્યાર કી
દેખ કર સામને, રૂપે કી રોશની
ફિર લૂંટી જા રહી હૈ સુબહ પ્યાર કી

સોનો વાલો કો હંસકર જગાના ભી હૈ
રાત કે જાગતો કો સુલાના ભી હૈ
દિલ કી હૈ જાગને કી સદા સાથ હા
લોરિયા ગા રહી હૈ સુબહ પ્યાર કી
રાત કે હમસફર, થક કે ઘર કો ચલે, થક કે ઘર કો ચલે,

આરાધ્યા આ મધુર અવાજની દીવાની થઈ ચૂકી હતી, પેલો અવાજ જેમ જેમ દૂર જઈ રહ્યો હતો એમ એમ આરાધ્યા આ અવાજની પાછળ જઈ રહી હતી. પ્રયાગની આંખ એકાએક ખુલી અને આરાધ્યાને ન જોતાં એ એકાએક ઊભો થઈ ગયો! પણ એના શરીરમાં અશક્તિ થઈ ચૂકી હતી, પ્રયાગ ઊભો થયો કે તરત જ ત્યાંને ત્યાં ચક્કર ખાઈને નીચે પડી ગયો. પ્રયાગને તાવ ચડી ચૂક્યો હતો જેના લીધે પ્રયાગ ખૂબ કંપી રહ્યો હતો, તો બીજી તરફ આરાધ્યા પૂર્વીના અવાજનો પીછો કરતાં કરતાં ત્યાંથી દૂર જઈ ચૂકી હતી.

આરાધ્યા પૂર્વીના મધુર અવાજનો પીછો કરતાં કરતાં તેની પાછળ ચાલી નીકળે હતી. તો બીજી તરફ પ્રયાગ એકાએક ખુબજ બીમાર થઈ ચૂક્યો હતો. જ્યારે આરાધ્યા અને પ્રયાગને એકબીજાનો સહારો બનવાની જરૂર હતી ત્યારે પૂર્વી આ બંનેને એકબીજાથી દૂર કરી ચૂકી હતી. પ્રયાગ અને આરાધ્યા અત્યારે એકબીજાથી એટલા દૂર હતા કે તે બંને એકબીજાની મદદ કરી શકે એમ પણ ન હતા!

પૂર્વી આરાધ્યાને લઈને ટેકરી ઉપરના ગીચ જંગલોમાં પહોંચી ગઈ હતી, જ્યાં આરાધ્યા સતત તેની પાછળ પાછળ ચાર કલાક સુધી ચાલી હતી અને સવારની મીઠી પરોઢ ઊઘી નીકળી. પરોઢ ઉગતાં જ પૂર્વી માયાવી ધૂન સાથે ગાયબ થઈ ગઈ. થોડા સમય પછી આરધ્યાનો ભ્રમ તૂટ્યો અને તેને જણાયું કે તે કોઈક મુસીબતમાં પડી હતી. આરાધ્યા પહેલાં તો ખૂબ ડરી ચૂકી હતી. કેમકે આ બધું તેની માટે ખૂબ જ નવું હતું અને આરધ્યા ગીચ જંગલની એકદમ મધ્યમાં હતી! આરાધ્યા પોતાની આંખો ઉપર વિશ્વાસ નોહતી કરી શકતી! કેમકે એને તો ખબર પણ ન હતી કે એ ક્યાં છે! અને અહીં કઈ રીતે આવી!

"હું ક્યાં છું, અને હું અહીં કઈ રીતે આવી? આ જંગલ મને થોડું ભયાનક લાગી રહ્યું છે, હે પ્રભુ મારી સાથે કંઇક અમંગળ તો નહિ થાય ને?" આરાધ્યા રસ્તો શોધવા મથામણ કરવા લાગી હતી.

પ્રયાગની આંખ ખુલી અને આંખ ખુલતાની સાથે એને મહેસૂસ થયું કે એના શરીરમાં અસહ્ય દર્દ થઇ રહ્યો હતો, પ્રયાગ હિંમત કરીને પથારીમાંથી ઉભો થયો અને ઊભો થઈને જોવા લાગ્યો તો આરાધ્યા ત્યાં નોહતી. પ્રયાગ થોડા સમય માટે વિચાર વિમર્શ થઈ ગયો અને એજ વખતે તેને યાદ આવ્યું,

"હું જ્યારે રાત્રે ચક્કર ખાઈને નીચે પડ્યો ત્યારે પણ આરાધ્યા અહીં નોહતી! એની સાથે અહીં જંગલમાં કંઇક ગલત તો નહિ થયું હોય ને! આરાધ્યા અને હું અહીં એકબીજાના ભરોશે આવ્યા છીએ અને એનું હું ધ્યાન પણ ન રાખી શક્યો! હું ડરપોક ભલે હોઉં પણ યાર આરાધ્યાની રક્ષા તો હું કરી શકતો હતો ને! એ પણ હું ન કરી શક્યો..."

અધૂરાશ

પ્રયાગ બહાર ગયા વગર જ આરાધ્યા ગાયબ છે એવું માની ચૂક્યો હતો, અને એ સાચો પણ હતો; કેમકે આરાધ્યા તો હકીકતમાં ગાયબ થઈ ચૂકી હતી. પ્રયાગ થોડા સમય પછી ટેન્ટની બહાર આવીને જોવા લાગ્યો, તો આરાધ્યા બહાર પણ ન હતી. એટલે તે ખૂબ વધારે ડરી ગયો અને આરાધ્યા નામના સાદ કરવા લાગ્યો,

"આરાધ્યા તું મારી સાથે મસ્તી કરતી હોય તો બંધ કરી દે પ્લીઝ, હું ડરપોક છું અને તું મને ડરપોક કહીને જ બોલાવજે! પણ યાર આ રીતે મારી સાથે મજાક ન કર! મને ખૂબ ચિંતા થઈ રહી છે પ્લીઝ સામે આવી જા....."

પ્રયાગને લાગતું હતું કે આરાધ્યા કોઈક મજાક કરી રહી હતી પણ હકીકત તો કંઇક અલગ જ હતી. આરાધ્યા કોઈ મજાક નોહતી કરી રહી! તે હકીકતમાં એક મોટી મુશ્કેલીમાં મુકાઈ ચૂકી હતી. ઘણા સમય સુધી જવાબ ન આવતાં પ્રયાગ વિચારે ચડ્યો

"નક્કી આરાધ્યા કોઈક તો મુસીબતમાં મુકાઈ છે, મારે જઈને આરાધ્યાને બચાવવી પડશે નહિ તો હું તેના માતા પિતા અને યુનિવર્સિટીમાં શું જવાબ આપીશ! "

પ્રયાગના મનમાં આરાધ્યાને લઈને ઘણું બધું ચાલી રહ્યું હતું, જેના કોઈ જવાબ પ્રયાગ પાસે હતા જ નહિ, જો હતા તો ફક્ત સવાલ જ! પ્રયાગ ડરપોક જરૂર હતો પણ એ કોશિશ કરવામાં માનતો હતો. એટલે તેનો અને આરાધ્યનો બધો જ સામાન સાથે લઈને આરાધ્યાને શોધવા જવા માટે સજ્જ બની ગયો,

"હું આરાધ્યાને શોધવા જઈ રહ્યો છું, અને મને વિશ્વાસ છે કે શ્રાપિત હવેલીના રસ્તામાં જ મને ક્યાંક આરાધ્યા મળી જશે. અમારો સામાન અમારી સાથે હશે તો અમે ત્યાંથી આગળ વધી જઈશું અને શ્રાપિત હવેલી પહોંચી અમારું સંશોધન શરૂ કરી દઈશું!"

પ્રયાગ આટલું વિચાર્યા પછી આરાધ્યાની શોધમાં ચાલી નીકળ્યો! પ્રયાગ અને આરાધ્યા એકબીજાથી વિપરીત દિશામાં એકબીજાને શોધવા લાગ્યાં હતાં.

આરાધ્યા ગીચ જંગલોમાં ડરતાં ડરતાં આગળ વધી રહી હતી અને એના કાને કેટલીક જંગલી બિલાડીઓના અવાજ અથડાય રહ્યા હતા. જેને સાંભળીને આરાધ્યાની રૂહ કંપી ઊઠી. થોડા સમય માટે તો આરાધ્યા અવાજ કર્યા વગર જ ત્યાં રોકાઈ ગઈ, જેથી જંગલી બિલાડી તેનો અણસાર મેળવી ન શકે પણ આરાધ્યા તરફ આ જંગલી બિલાડીઓ મોત બનીને આગળ વધી રહી હતી.

આરાધ્યા ખૂબ ડરી રહી હતી, તો બીજી તરફ પ્રયાગ તેને શોધવા માટે આખું જંગલ ફરી રહ્યો હતો. આરાધ્યાની નજર આગળ હવે જંગલી બિલાડીઓ સાફ સાફ દેખાઈ રહી હતી એટલે આરાધ્યા પહેલાં તો ખૂબ ડરી ગઈ પણ પછી હિંમત કરીને જેટલું થઈ શકે એટલું ઝડપી ભાગવાની કોશિશ કરવા લાગી. આરાધ્યા આગળ દોડી રહી હતો, તો જંગલી બિલાડીઓ એની પાછળ! પ્રયાગ આખા જંગલમાં આરાધ્યા નામની બૂમો પાડી રહ્યો હતો પણ આરધ્યાનો કોઈજ પત્તો લાગતો નથી. પ્રયાગ આરાધ્યાને શોધવા માટે તેની દિશામાં આગળ વધી રહ્યો હતો અને ત્યારે તેને આરાધ્યાની વાત યાદ આવી,

"પ્રયાગ જંગલમાં જ્યારે પણ કોઈક કારણો સર આપણે અલગ થઈ જઈએ, તો આપણે એક સ્પેશિયલ નિશાન ઝાડ ઉપર બનાવીશું!"

"કેવા નિશાન? અને નિશાન બનાવીને આપણે કોઈ વૃક્ષને નુકશાન કઈ રીતે પોહચાડી શકીએ?"

"બુદ્ધુ નિશાન મતલબ સ્ટીકર વડે! જો આ હું બે પ્રકારના અલગ અલગ સ્ટીકર લાવી છું, આ સ્ટીકર હું રાખું છું અને આ તું રાખ! જ્યારે પણ જરૂર પડે ત્યારે આપણે આ સ્ટીકર ઝાડ ઉપર લગાવીશું! અને આ સ્ટીકર એ રીતે બનાવવામાં આવ્યા છે કે આપણે વીસ મીટર દૂરથી પણ આ નિશાનને જોઈ શકીશું! અને એની ઉપર આપેલા નંબરને લીધે રસ્તો શોધવો પણ આપણી માટે એકદમ આસાન બની જશે!"

"હા સુપર્બ! ખૂબ મહાન વિચારો છે તારા... ખૂબ આગળ જઈશ પણ મારા પછી હો...."

અધૂરાશ

"એ ડરપોક, તે કેમ આવું વિચાર્યું નહિ! આવી મોટી આગળ વધવા વાળી..."

"આરાધ્યા એ તો મેં તારી ઉપર દયા ખાધી કે બીચારી છોકરીને પોતાની હોશિયારી દેખાડી દેવા દઉં; નહિ તો હું પણ કંઇક આવું જ કરોત....."

"કરોત ને? કર્યું તો નથી ને! તો લે પકડ આ સ્ટીકર અને યાદ રાખજે નંબર પ્રમાણે જ લગાવવાના છે. અને હા તારી બુદ્ધિ જરાય પણ ઉપયોગ ન કરતો નહિ તો તું મને ગોથે ચડાવી દઈશ...."

આરાધ્યાની વાત સાંભળીને પ્રયાગ હસવા લાગ્યો. પ્રયાગને અત્યારે પણ હાસ્ય ઉપજી રહ્યું હતું. પણ એને યાદ આવ્યું કે 'આરાધ્યા ગાયબ છે' એટલે તે પોતાનું હાસ્ય રોકીને આરાધ્યાને શોધવા માટે વૃક્ષ વૃક્ષ ફરવા લાગ્યો! પણ આ વૃક્ષ ઉપર કોઈજ નિશાન ન હતા. કેમકે આરાધ્યા જે સમયે અહીંથી પ્રસાર થઈ હતી તે સમયે આરાધ્યા પૂર્વીના મધુર અવાજની મધુર માયાજાળમાં ફસાયેલ હતી. એટલે એને જરાય પણ અહેસાસ ન હતો, કે તે વૃક્ષ ઉપર આ નિશાન બનાવે, જેથી પ્રયાગ આસાનીથી તેના સુધી પહોંચી ન શકે! પ્રયાગ ઘણો પ્રયાસ કરે છે પણ એને ક્યાંય પણ નિશાન મળતા નથી, એટલે તે થોડો દુ:ખી થઈ ગયો અને બોલવા લાગ્યો,

"આરાધ્યા, તું ક્યાં છે યાર? મારું મગજ ઓછું ચાલે છે પણ તું તો એકદમ નીડર અને બહાદુર છે. તારી હોશિયારી આગળ તો આર્યભટ પણ પાણી ભરે! તો આજે તે કેમ અહીં સ્ટીકર લગાવ્યા નહિ! જો તે નિશાની કરી હોત તો હું આવીને તને આ મુશ્કેલીમાંથી બહાર લાવી શક્યો હોત! પણ યાર તે તો કોઈ રસ્તો છોડ્યો જ નથી. હવે હું તને કઈ રીતે શોધું?

પ્રયાગ થોડો હેરાન થઈ ચૂક્યો હતો, કેમકે એને આરાધ્યાની ખુબજ પરવાહ હતી પણ આરાધ્યા એ કોઈપણ નિશાન છોડ્યું ન હતું, જેના લીધે પ્રયાગની આંખો ભરાઈ આવી. પ્રયાગનું મન રડવા માગતું હતું! તો એનું મન આરાધ્યાને શોધવા માટે એને કહી રહ્યું હતું. પ્રયાગ પોતાના મનની સાંભળીને હિંમત કરી ઊભો થઈ ગયો અને ફરી પાછો આરાધ્યાને શોધવામાં લાગી ગયો હતો.

આરાધ્યા જંગલી બિલડીઓથી બચવા માટે એનાથી થઈ શકે એટલું ઝડપી ભાગી રહી હતી તો પાછળ જંગલી બિલાડીઓ પણ ખૂબ ઝડપથી ભાગી રહી હતી. જંગલ ખૂબ ગીચ હોવાને લીધે આરાધ્યા ઝડપ કરી શકતી ન હતી! કોઈક વખત એ વૃક્ષ સાથે જઈને અથડાતી તો કોઈક વખત એના નાજુક પગમાં મરોડ આવી જતી. આરાધ્યા આ જંગલી બિલાડીઓથી બચવા માટે ખૂબ પ્રયાસ કરી રહી હતી પણ એને જેટલું લાગતું હતું, એટલું સંભવ ન હતું ! આરાધ્યા દોડતા દોડતા એક વૃક્ષ સાથે તકરાઈને નીચે પડી ગઈ. એના કપાળ ઉપર વાગવાને લીધે આરાધ્યા ત્યાં બેહોશ થઈ ગઈ....

ક્રમશ....

શું આજે જંગલી બિલાડીઓ આરાધ્યાનો શિકાર કરી દેશે? શું પ્રયાગ સમયસર આવીને આરાધ્યાને બચાવી શકશે? શું પૂર્વી કોઈ નવો ખેલ રમીને આરાધ્યા અને પ્રયાગ પર વાર કરશે? જાણવા માટે બન્યા રહો મારી સાથે અધૂરાશમાં, જ્યાં ડર સચ્ચાઈ બનીને કરશે વાર......

અંકિત ચૌધરી "શિવ"

નિર્મોહી
એક અવાજ

કર્તવ્ય - એક બલિદાન - અંકિત ચૌધરી "શિવ"

લેખક પરિચય
અંકિત ચૌધરી "શિવ"
NIRMOHI publication
9624244390

કર્તવ્ય
એક બલિદાન
અંકિત ચૌધરી "શિવ"

પ્રસ્તાવના:-

આ વાત છે એક એવી છોકરી મેઘાની, જેને માત્ર સોળ વર્ષની ઉંમરમાં જ તેના પિતાએ પચાસ વર્ષના પુરુષ જગા સાથે પરણાવી દીધી હતી.. તેના પતિ જગાએ પછી તેને ગુડિયા શેરી નામની બદનામ ગલીમાં વહેચી દીધી! ગુડિયા શેરીમાં આવ્યા પછી મેઘાની માન અને સન્માન માટેની લડાઈ શરૂ થઈ ગઈ હતી. મેઘા ગુડિયા શેરીમાં પોતાનું જીવન નિર્વાહ કરવા લાગી, એ દરમિયાન એને રોહન અનંત નામના બિઝનેસમેનથી પ્રેમ થઈ ગયો હતો. રોહન અને મેઘાનો પ્રેમ એટલો મહાન હતો કે ગુડિયા શેરીમાં રહેવા છતાં પણ મેઘા ગણિકા બનતી નથી! દોઢ વર્ષ જેટલો સમય ગુડિયા શેરીમાં વિતાવ્યા પછી મેઘાએ કેશવ નામની એક સુંદર દીકરીને જન્મ આપ્યો! મેઘાની દીકરી ગુડિયા શેરીનું ઉજ્જવળ ભવિષ્ય લઈને જન્મી હતી એટલે ગુડિયા શેરીમાં ચાલતા ધંધા કેશવના આવવાથી બંધ થઈ ગયા હતા.

થોડા સમય પછી મેઘા અને રોહનના લગ્ન કરાવવામાં આવ્યા અને મેઘા અનંત પરિવારનો હિસ્સો બની ગઈ! જ્યાં તેને પહેલાં ખુબ પ્રેમ મળી રહ્યો હતો પણ એક એમ. એમ. એસ. ના લીધે તેનું માન સન્માન દાવ ઉપર લાગી ગયું હતું! મેઘા પોતાનો તિરસ્કાર સહન કરી શકતી નથી એટલે તે પોતાની દીકરીને લઇને અમદાવાદ આવી ગઈ હતી. અમદાવાદ આવ્યા પછી મેઘા એક નવી ઓળખાણ સાથે આત્મનિર્ભર બનવાનું સ્વપ્ન જોવા લાગી હતી, પણ તેના રસ્તામાં અવાર નવાર મુસીબત આવી જતી હતી. અવનિ દાસ ખુબજ મહેનત કરીને પોતાનું આત્મનિર્ભર બનવાનું સ્વપ્ન હાસિલ કરી લીધું હતું! અવનિ દાસના આત્મનિર્ભર બન્યા પછી દિલ્હી સરકાર દ્વારા તેનું દિલ્હીમાં સન્માન કરવામાં આવ્યું, જ્યાં રોહન પણ પહેલાંથી હાજર હતો. વર્ષો બાદ રોહન અને મેઘાનું પુનઃ મિલન થયું અને મેઘા આખરે એક સન્માન ભરી જિંદગી જીવવા લાગી હતી.

Notion - https://bit.ly/3jTA5dC
Amazon - https://amzn.to/3BXNRCi
Flipkart - https://bit.ly/2X0xIgB

કિંમત - 200
પેજ - 170
વજન - 350 ગ્રામ

રચના શાહ
Yoga therapist

સુખની સવારી

યોગ શિક્ષણ

> बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते।
> तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम्।।
> (અધ્યાય ૦૨, શ્લોક ૫૦)

યોગ' એટલે શું? 'યોગ' શબ્દનો અર્થ તેની વ્યાખ્યાઓ સહિત આપણે આગળના અંકમાં જોયું. હવે, આપણે યોગના કેટલા પ્રકાર છે, યોગના અંતિમ લક્ષ્યને પહોંચવા માટે તેના વિવિધ માર્ગો ની માહિતી, યોગમાર્ગો શું છે? અને, તેને કઈ રીતે અનુસરીને આગળ વધાય તે જોઈશું.

ભારતની સંસ્કૃતિ ખૂબ જ વિશાળ છે. છતાં દરેકને અનુકૂળ માર્ગ મળી રહે છે. જીવનના નિર્ધારિત ધ્યેયને પહોંચી વળવા માટે અનેક માર્ગોનુ વર્ણન આપણા શાસ્ત્રોમાં છે. આ ઉપરાંત, કેટલાક જ્ઞાની વિદ્વાનોએ પણ માર્ગો બતાવ્યા છે.

યોગનું લક્ષ્ય દરેક સાધન માર્ગઆધ્યાત્મિક પૂર્ણતા છે. યોગ આ લક્ષ્ય સુધી પહોંચવાનો સાધન માર્ગ આપે છે. દરેક સાધન માર્ગ, સાધકના વ્યક્તિત્વના કોઈ એક કે વધુ પાસાને કેન્દ્રમાં રાખીને રચાયા છે. વિવિધ રુચિ તથા શક્તિ વાળી વ્યક્તિઓ માટે વિવિધ માર્ગો છે. વ્યક્તિ પોતાને અનુરૂપ માર્ગ પસંદ કરી શકે છે. યોગની પ્રક્રિયા એક સુગ્રથિત પ્રક્રિયા છે, છતાં દરેકના વિશિષ્ટ સ્વરૂપને લીધે તેને અલગ અલગ રીતે ઓળખવામાં આવે છે.

જેમકે જ્ઞાનયોગ વિશુદ્ધ બુદ્ધિને, હઠયોગ પ્રાણને અને ભક્તિયોગ ભાવને કેન્દ્રમાં રાખે છે. જેટલા વિવિધ માર્ગો છે, તેટલા યોગના પ્રકારો છે. જે રીતે બધી નદીના પાણી સમુદ્રમાં જાય છે. એ જ રીતે, બધા એક જ પરમ સત્યના તરફ દોરી જતા માર્ગો છે. વ્યક્તિ માત્રનું વ્યક્તિત્વ પરિવર્તનશીલ છે અને તેથી જ અનંતને પામવાના અનંત માર્ગો છે. આ યોગ માર્ગોના વિવિધ પ્રકાર નીચે મુજબ છે.

ભક્તિયોગ ,
જ્ઞાનયોગ,
કર્મ યોગ,
સાંખ્ય યોગ,
હઠયોગ,
અષ્ટાંગયોગ,
અનાશક્તિ યોગ,
કુંડલિની યોગ,
તંત્રયોગ.
મંત્ર યોગ,
રાજયોગ,
લયયોગ.

ભક્તિયોગ:

મનુષ્યની જે ભાવના કે લાગણીઓ છે, તેનો ઉપયોગ કરવાનો ઉપાય ભક્તિયોગમાં બતાવ્યો છે. ભક્તિયોગના બે શબ્દ 'ભક્તિ' અને 'યોગ' બંનેને પોતાનુ અસ્તિત્વ છે. ભક્તિ શબ્દ સંસ્કૃતના 'ભજ' ધાતુ પરથી આવ્યો છે. જેનો અર્થ 'સમર્પિત થઈ જવું 'એવો થાય છે. ભક્તિયોગ ઈશ્વર સાથેના જોડાણને આધ્યાત્મિક પ્રવૃત્તિ છે. ઈશ્વર પ્રત્યેની ભક્તિનું સ્વરૂપ પણ મેળવી શકાતું નથી.

ભક્તિના પ્રકાર: નવધાભક્તિ, પ્રેમલક્ષણા ભક્તિ, સાકારભક્તિ, અને નિરાકાર ભક્તિ.

યોગ શિક્ષણ

ભક્તિ યોગના માર્ગ:

ઈશ્વર ના નામનું સ્મરણ કરવું.
ઇશ્વરની લીલાનું કથન કરવું.
ઈશ્વરની મહાનતાનું ચિંતન કરવું.

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કહેતા કે, માનવનું જીવનલક્ષ્ય - 'ઈશ્વરપ્રાપ્તિ '... ' ઈશ્વર પહેલા, જગત પછી અને સ્વાર્થ છેલ્લે અથવા કદીયે નહીં. ' આ ઈશ્વર પ્રાપ્તિના માર્ગ નું નામ જ યોગ.

ભક્તિને અનુરૂપ મોક્ષની પ્રાપ્તિના મુખ્યત્વે ચાર પ્રકાર છે:

1) સાલોક્ય મુક્તિ એટલે ભક્તિ ઈશ્વરના લોકમાં રહે છે.
2) સારુપ્ય મુક્તિ એટલે ભક્તને ઈશ્વરનું રુપ તથા કલા પ્રાપ્ત થશે.
3) સાંનિધ્ય મુક્તિ એટલે ભક્તને ઈશ્વર નું સાંનિધ્ય પ્રાપ્ત થશે.
4) સાયુજ્ય મુક્તિ એટલે ભક્ત ઈશ્વરમાં ભળી જશે.

આમ, ઈશ્વરની ભક્તિ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરવાનો માર્ગ એટલે ભક્તિ યોગ.

જ્ઞાનયોગ :-

મુક્તિ જ્ઞાનથી જ મળે છે, તેનાં જેવો કોઈ પવિત્ર શબ્દ જ નથી. ન જ્ઞાન યોગ દ્વારા સૃષ્ટિના રહસ્યોને જાણી શકાય છે . જ્ઞાન દ્વારા ઈશ્વર, આત્મા તથા બ્રહ્માંડને જાણી જ્ઞાની યોગી મોક્ષને પામે છે. સ્વરૂપ ચિંતન અને સ્વરૂપથી ભિન્ન જગતનો ઇનકાર, જ્ઞાન યોગની સાધન પદ્ધતિ છે.

કર્મયોગ :-

'જેવું કરશો તેવું પામશો' આ ભાવના ભારતીય સંસ્કૃતિની રગેરગમાં વ્યાપેલી છે. આજ કર્મયોગ ના પાયાની વાત છે. કર્મયોગમાં ફળની આશા છોડી માત્ર ઈશ્વરની પ્રસન્નતા માટે તથા લોકો પકાર માટે કર્મ કરવાનું કહેવાય છે, તે જ સાચો કર્મયોગી બને છે. સંકલ્પ માત્ર ત્યાગ કરી ભગવાનની ઈચ્છા પ્રમાણે જીવવું -એ કર્મયોગનું લક્ષ્ય છે. કર્મયોગી કાર્ય કર્યા બાદ કશું મનમાં નથી રાખતો જેથી રાગ-દ્વેષ ન રહેતા શાંતિ મળે છે.

1) શ્રોત, સ્માર્ટ અને પૌરાણિક કર્મોનું નિષ્કામભાવે અનુષ્ઠાન, કર્મયોગની આરંભિક અવસ્થા છે.
2) સહજ પ્રાપ્ત કર્મો સમર્પણભાવ એ કરવા, તે કર્મયોગની દ્વિતીય અવસ્થા છે.
3) ભાગવત ચેતનામાં જીવતા જીવતા ભગવત કાર્યો કરવા, તે કર્મયોગની અંતિમ અવસ્થા છે.
ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા સ્વમુખે થી કહેલ ભગવદ્ ગીતાના ૧૮ અધ્યાય છે. જેમાં પ્રથમ છ અધ્યાય કર્મયોગ ,અન્ય છ માં ભક્તિ યોગ તથા છેલ્લા છ અધ્યાય જ્ઞાનયોગ ની વાતો છે. આ ત્રણેયનો વિવેકપૂર્વક સમન્વય થાય તો કાર્ય પૂર્ણ થાય, અર્થાત શુદ્ધ બને અને આત્મસાક્ષાત્કાર થાય.

મંત્ર યોગ :-

મંત્રના જપ દ્વારા ઈશ્વરપ્રાપ્તિ નો માર્ગ છે. પ્રણવ, ગાયત્રી, મહામૃત્યુંજય આદિ અનેક સિદ્ધ મંત્રો છે . આ મંત્રોના વિધિવત્ અનુષ્ઠાન દ્વારા સાધક મંત્રના અધિષ્ઠાતા દેવ નો સંપર્ક સાધે છે. મંત્રયોગની અમુક પરંપરામાં જ અજપાજપને સર્વોપરી મહત્વ આપવામાં આવે છે. એમના મતે શ્વાસોશ્વાસ સાથે 'હંસ:' શબ્દનો સતત જાપ થાય છે. આ જપ 'સોહમ' સ્વરૂપે પરિવર્તિત થઇ સુષુમ્ણામાં પ્રવેશે ત્યારે અજપાજપ સિદ્ધ થાય છે અને આ જ મંત્ર યોગ છે. મંત્રની એક શક્તિ હોય છે અને ના જપ દ્વારા સાધક અંતર જગતમાં પ્રવેશ કરે છે.

રચના શાહ

ભારતીભંડેરી "અંશુ"
ગૃહિણી, કવિયત્રી.

ધોરણ 1 થી 5 ની સ્કૂલ ઓફ લાઇન ચાલુ એ સરકારનો નિર્ણય કેટલો વ્યાજબી છે ?

કોરોનાને લીધે શિક્ષણ પર મોટી અસર પડી છે તે વાતને ધ્યાનમાં રાખીને સરકારે સોમવારથી તમામ બોર્ડની ધોરણ 1 થી 5 ની સ્કૂલો હવે ઓફલાઈન પણ ચાલુ કરવાનો નિર્ણય કર્યો એ ખૂબ જ આવકારદાયક હતો. ગુજરાતમાં કોરોનાની બીજી લહેર બાદ અને કોરોનાના કેસોમાં ઘટાડા સાથે સ્થિતિ કાબુમાં હોવાથી સરકારે ૨૦ મહિના પછી ભૂલકાઓ માટે શાળા ખોલવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયથી વાલીઓ અને શાળા સંચાલકો બધા ખુશ છે. શાળાઓએ પણ બાળકોની કાળજી રાખવા માટે સોશિયલ ડિસ્ટન્સ, ફરજિયાત માસ્ક, સેનીટાઇઝર, ટેમ્પરેચર વગેરે સુવિધાઓ ઉપલબ્ધ રાખી છે અને એ માટે શિક્ષકોને પણ જરૂરી માર્ગદર્શન આપી પહેલેથી તૈયાર કરેલ છે.

કેટલાક એવા પણ બાળકો છે કે જે સ્કૂલે જવા માટે ખૂબ ખુશ છે, જ્યારે કેટલાક બાળકો આટલા લાંબા સમય પછી સ્કૂલે જવા માટે મા-બાપથી વિખૂટા પડતા રડી પડે છે. હવે કેટલાક એવા પણ બાળકો હશે કે જેમણે પોતાના મા-બાપ કે સંબંધીઓ ગુમાવ્યા છે. આથી સ્કૂલમાં બાળકો માનસિક રીતે હળવા રહી શકે અને કાઉન્સિલિંગ કરીને કોરોનાનો ડર એમના મનમાંથી કાઢી તેમને પ્રોત્સાહિત કરવામાં આવે એ ખૂબ જ જરૂરી છે. કોરોનાને કારણે શાળાઓ બંધ કરવાથી બાળકોની શીખવાની પ્રક્રિયા પર વિપરીત અસર પડી છે એમાં પણ છોકરાઓની સરખામણીએ છોકરીઓને મોબાઈલ ફોન ઓછા આપવામાં આવતા હતા આથી ઓનલાઇન શિક્ષણ છોકરીઓ માટે ઓછું ઉપલબ્ધ થયું.બીજું શાળાઓ બંધ હોવાથી છોકરાઓ કરતા છોકરીઓને ઘરના કામ વધારે કરવા પડતા હતા એટલે છોકરીઓનાં શિક્ષણ પર માઠી અસર પડી છે. તે સરભર કરવાની જવાબદારી હવે સ્કૂલના શિક્ષકો પર છે.

કોરોનાને કારણે અભ્યાસ ઓનલાઈન થયો જેના લીધે બાળકોને શિક્ષણ કરતાં મોબાઈલનું વળગણ થઈ ગયું છે. શાળાઓના મુક્ત વાતાવરણ વચ્ચે બાળકો સારી રીતે અભ્યાસ કરી શકે છે. તેથી સરકારના આ નિર્ણયથી વાલીઓ અને બાળકોમાં ખુશી છવાઈ ગઈ છે. શાળા શિક્ષણ તો આપે જ છે પરંતુ શિક્ષણ સાથે બાળકોને શાળામાં ઘણું બધું શીખવા મળે છે. જિંદગીના પાયાનું ઘડતર શાળામાંથી જ થાય છે. બાળપણમાં શાળામાંથી મળેલા પાઠ બાળક જિંદગીભર યાદ રાખે છે.

શિક્ષક અને સરકાર બંનેએ કોરોનાકાળમાં બાળકોનું શિક્ષણ ના બગડે એ માટે ખૂબ જ પ્રયત્નો કર્યા. શિક્ષકોએ પણ ઓનલાઈન અને પછાત ગામડામાં જ્યાં બાળકોને મોબાઈલની સગવડ નથી ત્યાં શેરીમાં સ્કૂલ ચાલુ કરી અને બાળકોને ભણાવવાના પ્રયત્ન કર્યા છે. આ માટે તેઓ ખૂબ જ ધન્યવાદને પાત્ર છે. હજુ પણ સરકારે ઓનલાઇન અને ઓફલાઇન બંને માધ્યમથી સ્કૂલને બાળકોને ભણાવવા માટે કહેલું છે પરંતુ આ બંને મેનેજ કરવું સ્કૂલ સંચાલકોને ખુબ જ અઘરું પડે તેમ છે અને બાળકો પણ હવે ઘરમાં પુરાઈ રહીને થાક્યા છે. પિંજરામાંથી મુક્ત પંખીની જેમ હવે ફરીથી શાળાઓના મેદાનો ધમધમી ઉઠશે બાળકોના કલબલાટથી ભેંકાર લાગતી શાળાઓનું વાતાવરણ ફરીથી ગુંજી ઉઠશે. ગયા વર્ષે નવું જ એડમિશન લેનાર બાળક આજે સીધું જ બીજા ધોરણમાં પ્રવેશશે ત્યારે તેની મનોસ્થિતિ સારી રીતે એક શિક્ષક જ સમજી શકે. શાળામાં બાળકો હવે પોતાની મનગમતી પ્રવૃતિઓ જેવી કે ડ્રોઈંગ, ક્રાફ્ટ, ડાન્સ,સંગીત, રમતગમત વગેરે શિક્ષકોના સીધા માર્ગદર્શન નીચે કરશે. અને એટલે જ ઘરમાં પુરાયેલ બાળક હવે સ્કુલમાં સારી રીતે ખીલી શકશે .આ માટે ઓફલાઈન શિક્ષણ આજના સંજોગોમાં તો ઉત્તમ નિર્ણય છે.

નેહા વારસુર
મોટીવેશનલ રાઈટર

વિચારોની
લહેર...

મુવ ફોર્વડ..

ગયા અંકમાં મેં એક આર્ટિકલ અપલોડ કર્યો હતો, જેનું નામ હતું, "પાછું વળીને નહીં જોવાનું". બહુ સારો પ્રતિસાદ મળ્યો તેને અને મને! તેવા જ વિષયો પર કંઇક નવું લખવાની પ્રેરણા મળી,

આપણે કહીએ છીએ કે પાછું વળીને નહીં જોવાનું તો કરવાનું શું?

ઓફકોર્સ આગળ વધવાનું, આગળ જોવાનું, મુવ ફોર્વડ.

લાઈફમાં જ્યારે આપણી પર બહુ જ કંઇક ખરાબ વીત્યું હોય, કોઈ છોડીને ગયું હોય કોઈનો સાથ છૂટ્યો હોય ત્યારે જીવન બહુ જ અઘરું લાગે છે.

કોઈ છોડીને ગયું હોય મતલબ ફક્ત દિલ તોડીને ગયું હોય એવું નહીં પણ એ દુનિયામાંથી જ જતુ રહ્યું હોય અને સાથ છૂટ્યો મતલબ કોઈના સાથે રહેવાના સપનાઓ જોયા હોય અને એ તૂટ્યા હોય વ્યક્તિ દૂર થયું હોય, દુનિયામાં હયાત હોય પણ બસ તમારું ન હોય. તમારી નજીક ન હોય કે તમારી સાથે ન હોય.

ગુસ્સો તો ઘણો આવતો હોય તે વ્યક્તિ પર, તેની માટે હજુ રડાય જવાતું હોય, દિલ કરે તને તો ક્યારેય માફ જ ન કરું, તે મારુ દિલ તોડ્યુ તો હું તો તારા દાંત જ તોડી નાખું.(😄)

પણ છતાં જો કોઈ દિવસ એ વ્યક્તિ અચાનક સામે આવી જાય તો પણ એમ જ થાય કે તું ખુશ રે તારી લાઈફમાં, અમારું તો જે થયું એ, તું મોજ કર જો અમારી વગર તને મજા આવતી હોય તો રહે ખુશ બાપા અમારે શું?

આ બધું કહેવું ઇઝી છે પણ ફીલ થાય ત્યારે ટફ છે, એમ કેમ કોઈને દિલમાંથી જવા દેવા જેણે તમારા દિલના ટુકડા ટુકડા કર્યા હોય. અન્યો માટે તમને છોડ્યા હોય. તેમને બદલ્યા હોય છતાં તમારી કદર ન કરી હોય.

પણ આ બધી વાતોની કડવાશ ક્યાં સુધી દિલમાં લઈને જીવશો, એને કંઈ ફરક પડે છે?
તમે જીવો, મરો કે ગમે તે કરો.

અને આમ પણ જે નસીબમાં નથી એ ક્યારેય મળવાનું જ નથી અને જે નસીબમાં હશે એ ક્યારેય જશે નહીં.
આ વાત સમજતા ખાસ્સો એવો સમય લાગી જશે.

આપણે ઘણી તકલીફોમાંથી પસાર થઈ ગયા હોઈએ અને હાલમાં પણ થઈ રહ્યા હોઈએ. તમે બધું ભૂલીને મુવ ઓન કરતા હોય ને ત્યારે ઘણી અણધારી આફતો આવતી હોય છે કે તમને ફરી ભૂતકાળમાં ધકેલી દેતી હોય છે.

દિલ તૂટ્યા પછી કે કોઈ કાર્યમાં કે કોઈ સપનામાં નિષ્ફળતા મળ્યા પછી એક જ રસ્તો છે બધું ઠીક કરવાનો અને એ છે મુવ ફોર્વડ.

આગળ વધો અને વધતા જ રહો,

મુવ ફોર્વડ..

વચ્ચે વચ્ચે ભૂતકાળ જરૂર તમારો પગ પકડશે પણ તેને પ્રેમથી કહી દો,"ભૂતકાળ તું એક સમયે મને બહુ વ્હાલો હતો, તે મને ઘણા ન ભૂલાય એવા દુ:ખ પણ આપ્યા છે પણ હવે મારે આગળ વધવું છે"

અમુક બાબતો, અમુક યાદો, અમુક દુ:ખો અને અમુક વ્યક્તિઓ ક્યારેય દિલ દિમાગમાંથી જતા નથી પણ એમને વળગીને બેસી રહીએ તો ભવિષ્ય તો આપણું જ બરબાદ થશે.

મને આ વાત સમજતા ઘણો સમય લાગ્યો, એમ પણ કહી શકાય કે મેં ભૂતકાળને વાગોળીને મારો ઘણો અમૂલ્ય સમય વેડફ્યો છે અને માટે જ હું આ લખી રહી છું કે હવે હું મારો વધુ સમય ન વેડફુ અને અન્ય લોકોને પણ મદદ મળે.

અન્ય લોકો પણ સમજે કે મેં જે ભૂલ કરી એ તમે ન કરતા. ભૂતકાળ સારો પણ હોય શકે અને ખરાબ પણ.
જે વીતી ગયું એ બદલાશે નહીં, માટે જે હાલમાં છે એ સ્વીકારો. જે થયું એ ભૂલો એન્ડ મુવ ફોર્વડ.

નેહા વારસુર

રાજુલ શાહ
અમેરિકા.

ચાલો ફરી લઈએ...

શ્રી કલિકુંડ તીર્થ ધોળકા..

એક સમય હતો જ્યારે બારમી સદીમાં ગુજરાતની ખુબ જાહોજલાલી હતી અને ધોળકા તેની પાટનગરી હતી ત્યારે તે સમૃધ્ધિની ટોચ પર હતી. ધવલક્કરપુર-ધોળકા વગેરે અનેક નામોથી પ્રખ્યાત આ નગરી પોતાના અંતરમાં એક ઇતિહાસ સાચવીને બેઠી છે. ધોળકા મહાભારત કાળનું વિરાટ નગર હતું. કહે છે કે પાંડવો અહીં ગુપ્તવેશમાં આ નગરમાં રહ્યા હતા.

ધોળકામાં જૈનોની વસ્તી પણ હજારોમાં હતી. ત્યારે સ્વાભાવિક દેરાસરો અને પૌષધશાળાઓ પણ વિપુલ પ્રમાણમાં હતી.લગભગ ૧૦૮ દેરાસરો અને ૮૦ જેટલી પૌષધશાળા ધરાવતા આ નગરની નજીક અને અમદાવાદથી લગભગ ૩૦ કી.મીટર અંતરે આવેલા કલિકુંડનું પણ આજે એટલું જ ધાર્મિક મહત્વ છે

આઠસો વર્ષના ગાળા દરમ્યાન અહીં ઘણું લૂટાયું- ઘણું ગયું છે અને છતાંય આજે અહીં આ કલિકુંડનાં દેરાસરમાં કલિકુંડ પાર્શ્વનાથ ભગવાન,શ્રી આદિનાથ ભગવાન અને શ્રી શીતલનાથ ભગવાન ભક્તોની ભાવઠ ભાંગતા હાજરાહજૂર છે.

કલિકુંડ દેરાસરમાં શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનની ૨૨૦૦ વર્ષ પ્રાચીન ૩૫ ઇંચ ઊંચી શ્વેતવર્ણ પદ્માસનસ્થ પ્રતિમાજી ૨૯ ઇંચ પહોળા પરિકર વચ્ચે બિરાજમાન છે. કલિ પર્વત અને કુંડ નામના સરોવરની મધ્યમાં આ જિનાલય બનાવ્યું હોવાથી એનું નામ "કલિકુંડ" આપવામાં આવ્યું. કલિકુંડ દેરાસરની સામે દાદાવાડી છે

શ્રી કલિકુંડ દેરાસરની પાસે એક લાખ ચોરસ ફૂટ જમીન ઉપર શ્રી શત્રુંજય તીર્થ ઊભું કરાયું છે. ૪૫ ફૂટ ઊંચા આ ગિરિરાજ પર્વત ઉપર ૨૫ હજાર ચોરસ ફૂટમાં મંદિરોની નગરી જાણે ઊભી થઇ છે. પાલીતાણા ન જઈ શકતા જૈનો અહીં યાત્રા કરીને સંતોષ માને છે.

કલિકુંડ જેવા તીર્થ સ્થાને જવાથી જે મનને અપાર શાંતિ મળે છે તે તો જાતે જ જઈને અનુભવી શકાય.

વૈભવી જોશી

IT professional

ગીતા જયંતિ અને મોક્ષદા એકાદશી

ડિસેમ્બર મહિનો હજી તો આવે ન આવે કે ત્યાં બધાનાં મોઢે એક જ નામ રમતું થઈ જાય, ક્રિસ્મસ. ડિસેમ્બર મહિનો જાણે કે ક્રિસ્મસ અને એમાં મળતાં લાંબા વેકેશન કે ઉજવણીનાં પર્યાયરૂપ બની ગયો છે. બદલાતા સમય પ્રમાણે આજે નાના મોટાં સહુ ક્રિસ્મસની ઉજવણીમાં લાગી ગયા હશે અને હું એનો વિરોધ નથી કરતી કેમ કે આપણા ધર્મએ હંમેશા આપણને સર્વ ધર્મ સમભાવ જ શીખવ્યું છે. જોકે મને હંમેશા લાગ્યું છે કે પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરતા તો કોઈ આપણી પાસેથી શીખે.

આપણા ભવ્ય વારસાની ગરિમા જાળવવામાં કે આપણી સંસ્કૃતિ કે આપણા સંસ્કારોનું જતન કરવામાં આપણે હંમેશા પાછાં જ પડ્યા છીએ. જેટલી સરળતાથી આપણે બહારની સંસ્કૃતિ, એમના વિચારો કે એમની પધ્ધતિઓને અપનાવી લઈએ છીએ ને એટલી જ સરળતાથી આપણે આપણી મહામૂલી વિરાસત વિસરી રહ્યા છીએ. એટલે ખાસ કરીને આજની નવી પેઢી જો ક્રિસ્મસ ઉજવતી હોય તો ખુશીથી ઉજવે પણ અમારી પેઢીને મારી આગ્રહ ભરી વિનંતી છે કે એની સાથેસાથે આપણા ખાસ મહિનાઓ કે દિવસોનું મહત્વ પણ આવનારી પેઢીને સમજાવો.

અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે જેમ ડિસેમ્બરમાં ક્રિસ્મસ આવે છે તો આપણા વિક્રમ સંવત પ્રમાણે ગુજરાતી પંચાંગનો દ્વિતીય માસ, જેને મહર્ષિ ભગવાન વાલ્મીકિએ 'સંવત્સરભૂષણ' એટલે કે આખા વર્ષનું ઘરેણું કહ્યો છે તેવો માર્ગશીર્ષ (માગશર) મહિનો અને એનું માહાત્મ્ય પણ સમજાવો. આપણા શાસ્ત્રો કહે છે કે માગશર માસમાં કરેલા જપ, તપ, દાન, વ્રત અને ઉપવાસનું ખૂબ ઉત્તમ ફળ મળે છે. બહુ ઓછા લોકો જાણે છે કે માગશર મહિનાનું ખગોળની દ્રષ્ટિએ પણ ખૂબ મહત્વ છે.

ભગવાન શ્રીકૃષ્ણનાં મતે તો માગશર મહિનો એટલે શ્રેષ્ઠ મહિનો. ભગવાન શ્રી કૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં દસમાં અધ્યાયનાં વિભુતિ યોગનાં ૩૫માં શ્લોકમાં કહ્યું છે કે, ઋતુઓમાં હું વસંત છું, મહિનાઓમાં ઉત્તમ એવો માગશર છું." એટલે કે ભગવાને માગશર મહિનાને પોતાની એક વિભૂતિ ગણાવી છે. આ મહિનાને એટલું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે કે માગશર સુદ પૂનમનાં દિવસે ભગવાન વિષ્ણુ અત્રિ ઋષિ અને માતા અનસૂયાને ત્યાં પુત્ર સ્વરૂપે પ્રગટ થયા હતાં જે દત્તાત્રેય કહેવાયા.

દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણે આ જ દિવસે મોક્ષ પ્રદાન કરનારી ભગવદ્ ગીતાનો ઉપદેશ આપ્યો હતો માટે આ દિવસને ગીતા જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે. કુરુક્ષેત્રનાં મેદાનમાં શ્રીકૃષ્ણે જ્યારે ગીતાનું જ્ઞાન આપ્યું હતું તે દિવસે હિંદુ કેલેન્ડર પ્રમાણે એકાદશી હતી. માટે આ એકાદશી હવે મોક્ષદા એકાદશી તરીકે ઓળખાય છે. આ વર્ષે ગીતા જયંતિ ૧૪ ડિસેમ્બરનાં રોજ એટલે કે ગઈ કાલે ઉજવાઈ ગઈ જેના પર ભાગ્યે જ કોઈનું ધ્યાન ગયું હશે. દરેક અવતારોની જયંતિ ઉજવાય પણ ગીતા એકમાત્ર એવો ગ્રંથ છે જેની જયંતિ ઉજવાય છે.

ગીતા જયંતિ અને મોક્ષદા એકાદશી

મહર્ષિ વેદવ્યાસ રચિત ભારતીય સંસ્કૃતિનાં જ્ઞાનકોશ સમાન મહાભારતમાં કુલ ૧૮ પર્વ છે. આદિપર્વ, સભાપર્વ, અરણ્યકપર્વ, વિરાટપર્વ, ઉદ્યોગપર્વ, ભીષ્મપર્વ, દ્રોણપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વ, સૌપ્તિકપર્વ, સ્ત્રીપર્વ, શાંતિપર્વ, અનુશાસનપર્વ, અશ્વમેધિકાપર્વ, આશ્રમ્વાસિકાપર્વ, મૌસુલપર્વ, મહાપ્રસ્થાનિકપર્વ અને સ્વર્ગારોહણપર્વ. એમાંથી આ છઠ્ઠા પર્વમાં એટલે કે ભીષ્મપર્વમાં ૨૫થી ૪૨ સુધીનાં ૧૮ અધ્યાય 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' તરીકે ઓળખવામાં આવે છે.

આજે થોડી વાત ભગવદ્ ગીતાની વિશિષ્ટતા વિશે પણ કરવી છે. ગીતામાં કુલ ૧૮ અધ્યાયો અને આશરે ૭૦૦ શ્લોક છે. આખી ગીતા થોડાં શ્લોકોનાં અપવાદ સિવાય અનુષ્ટુપ છંદમાં રચાયેલી છે. ગીતામાં શ્રીકૃષ્ણએ ૫૭૪ શ્લોકમાં અર્જુનને જ્ઞાન આપ્યું છે, જ્યારે અર્જુને ૮૫ શ્લોક દ્વારા પોતાની શંકા અને પ્રશ્નો પ્રગટ કર્યા છે. તો વળી ૪૧ શ્લોક એવા પણ છે જેમાં સંજય અને ધૃતરાષ્ટ્રનો સંવાદ છે. આ ૧૮ અધ્યાયને ત્રણ ભાગમાં વિભાજિત કરીએ તો પ્રથમ છ, 'જ્ઞાનયોગ', બીજા છ એ 'ભક્તિયોગ' અને અંતિમ છ અધ્યાય 'કર્મયોગ' તરીકે જાણીતા છે.

આશરે પાંચથી સાતેક હજાર વર્ષ પહેલાં ગીતાનું સર્જન થયેલું એવું માનવામાં આવે છે અને અત્યાર સુધીમાં ૧૦૦થી પણ વધુ ભાષાઓમાં તેનું ભાષાંતર થયેલું છે. હું તો કદાચ એમ કહું કે ભાગ્યે જ કોઈ ભાષા બાકી હશે જેમાં આ મહાગ્રંથનો અનુવાદ નહિ થયો હોય. ગીતાનું જ્ઞાન અર્જુન ઉપરાંત અન્ય બે લોકોએ પણ સાંભળ્યું હતું. વેદવ્યાસ પાસેથી દિવ્ય દૃષ્ટિ મેળવનાર સંજય અને સંજયનાં મુખેથી ધૃતરાષ્ટ્ર, આ બંન્નેએ સાંભળ્યું હતું. હમણાં થોડાં દિવસ પહેલાં જ્યારે મેં આ સમાચાર સાંભળ્યા કે અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થા આઈ.આઈ.એમ અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટીએ અભ્યાસક્રમમાં ભગવદ્ ગીતાનો સમાવેશ કર્યો છે ત્યારે મને અનહદ આનંદ થયો છે. આ અત્યંત સરાહનીય પગલું છે જેને દરેકે આવકારવું અને સ્વીકારવું જ રહ્યું. હું વર્ષોથી આ વાત દ્રઢતા પૂર્વક કહેતી આવી છું અને આજે ફરી કહીશ કે દરેક વ્યક્તિને સમજણ આવ્યા પછી શાળા કે કોલેજકાળ દરમ્યાન અમુક તબક્કે અભ્યાસક્રમમાં જો ગીતા ભણાવવામાં આવે તો કોઈ દિવસ કોર્ટમાં ગીતા પર હાથ રાખીને કસમ ખાવાનો વારો નહિ આવે.

એટલું જ નહિ કોઈ પણ વ્યક્તિ જીવનરૂપી મહાભારતમાં ગમે તેટલાં સંઘર્ષમય તબક્કામાંથી પસાર થતો હશે પણ જો એણે ગીતા વાંચી હશે તો ક્યારેય નાસીપાસ તો નહિ જ થાય, હિંમત તો નહિ જ હારે. અવારનવાર આપણે અખબારોમાં વાંચતા હોઈએ છીએ કે જિંદગીથી ત્રસ્ત થયેલાં કે હિંમત હારેલા લોકો જે રીતે અચાનક જીવનનો અંત આણી દેતાં હોય છે એવો તબક્કો તો ક્યારેય નહિ આવે જો ગીતા વાંચી હશે. જેણે પણ એક વાર સાચી શ્રદ્ધા અને સંપૂર્ણ નિષ્ઠાથી ગીતા વાંચી હશે એને સંસાર રૂપી ભવસાગર કેમ તરવો એનું આત્મજ્ઞાન થયા વગર રહી શકે ખરાં ??

ટૂંકમાં કહું તો 'લાઈફ મેનેજમેન્ટથી માંડીને મોક્ષ' સુધીની યાત્રા કરાવનાર કોઈ એક જ ગ્રંથ હોય તો એ છે, શ્રીમદ્ ભગવદ્ ગીતા. ગીતા એક સાર્વભૌમ ગ્રંથ છે. આ કોઈ કાળ, ધર્મ કે સંપ્રદાય વિશેષ માટે નહિ પણ સંપૂર્ણ માનવજાતિ માટે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં માધ્યમથી ભગવાન શ્રીકૃષ્ણે જીવન જીવવાની ચાવીઓ માત્ર હિંદુઓને જ આપી છે, એવું નથી. આ ગ્રંથ સમગ્ર માનવજાત માટે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા એ જાતિ, ધર્મ કે માન્યતાનાં સીમાડાઓની પારનો ગ્રંથ છે અને એટલે જ વિશ્વનાં કોઈ પણ વ્યક્તિને બીજા કોઈ ભારતીય ગ્રંથનું કદાચ નામ આવડતું હોય કે ન આવડતું હોય, પરંતુ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' તો ખબર જ હોય. ગીતા આટલાં વર્ષો પછી પણ વિશ્વભરમાં પ્રચલિત છે.

ગીતાનાં અઢારમાં અધ્યાયનાં અંતે ભગવાન પણ કહે છે કે, 'મેં તને સાચો માર્ગ બતાવ્યો છે હવે તારે જે પ્રમાણે કરવું હોય તેમ કર' આનો મતલબ શું છે ?

ગીતા જયંતિ અને મોક્ષદા એકાદશી

એનો સીધો અને સરળ મતલબ એ છે કે આ ગ્રંથ કોઈ સામાન્ય ધર્મની જેમ તમને કશું કરવા માટે બાંધતો નથી પણ સાચો માર્ગ બતાવી બુદ્ધિસ્વાતંત્ર્ય આપે છે. અંતે તો સાચા માર્ગ ઉપર સમજીને આપણે જ ચાલવાનું છે.

આવા જીવનવ્યવહારુ મૂલ્યોનો અદભુત ગ્રંથ આપવા બદલ આપણે સહુ મહર્ષિ વેદવ્યાસનાં ઋણી તો છીએ જ પણ મારી દૃષ્ટિએ આ ઋણ ત્યારે જ ચૂકવાશે જો આપણે આ ગ્રંથને ખરેખર આપણા રોજબરોજનાં આચરણમાં મૂકી શકીશું. આ પંક્તિઓ કોણે લખી છે એ તો જ્ઞાત નથી પણ અક્ષરશઃ સાચી છે એવું હું વારંવાર કહેતી આવી છું,

મુંજાય છે તું મનમાં કે આવું થાય છે શાને ?
ખોલ ભગવદ્ ગીતા ઉકેલ છે પાને પાને..!!

એવિશ્વનાં મોટા ભાગનાં તત્વચિંતકો, તત્વજ્ઞાનીઓ, ક્રાંતિકારીઓ અહીં સુધી કે મોડર્ન સાયન્ટિસ્ટોએ પણ આ મહાગ્રંથમાંથી પ્રેરણા લીધી છે અને હજી લઈ રહ્યાં છે. તો શું તમને બધાને નથી લાગતું કે આ એક પુસ્તક જો આટલા બધા લોકોને પ્રેરણા આપી શકતું હોય તો મારાં તમારાં જેવા સામાન્ય માણસને તો ચોક્કસ આપી શકે.

આશા રાખું કે જગતગુરુ શ્રી કૃષ્ણ દ્વારા કહેવામાં આવેલું આ અદભુત જ્ઞાન આપણા બધાનાં જીવનવ્યવહારમાં ઉતરે અને માનવતાનાં નૈતિક મૂલ્યો જળવાઈ રહે એવી ભાવના સાથે આપ સહુને શ્રીમદ્ ભગવદ્ ગીતા જયંતિ અને મોક્ષદા એકાદશીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.



વૈભવી જોશી

નિર્મોહીને ગર્વ છે.

જસવંતીબહેન પોપટ..
લિજ્જત પાપડ..

ભારત સરકારે તાજેતરમાં જ પદ્મ પુરસ્કારની જાહેરાત કરી હતી. આ વર્ષે પદ્મ પુરસ્કારની યાદીમાં અનેક ગુજરાતીઓનો નામ સામેલ કરવામાં આવ્યા હતા. જે દરેક ગુજરાતી માટે ખરેખર ગર્વની વાત બની રહી હતી. આ વર્ષે સાત લોકોને પદ્મ વિભૂષણ, 10 લોકોને પદ્મ ભૂષણ અને 102 લોકોને પદ્મ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. જેમાં ‘લિજ્જત પાપડ’ને ઘર-ઘરમાં લોકપ્રિય બનાવનાર તેના માલિક 93 વર્ષિય ગુજરાતી મહિલા જસવંતીબેન જમનાદાસ પોપટ (Jaswantiben Jamnadas Popat)ને પણ 'ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ'માં પદ્મ પુરસ્કાર મળ્યો હતો. મુંબઈના રહેવાસી અને પાછા ગુજરાતી એટલે સહુને તેમના પર ગર્વ થાય તે સ્વાભાવિક છે. તેમની જીવન કથા ખરેખરમાં જાણવા જેવી છે.

મૂળ કાઠિયાવાડના અને હાલ મુંબઈમા રહેતા જસવંતીબેન જમનાદાસ પોપટ હાલાઈ લોહાણા સમાજમાંથી આવે છે. તેઓ 93 વર્ષના છે. જે સમયે છોકરીઓને ભણાવવાનું ચલણ નહોતું ત્યારે પણ તેઓ બે ચોપડી ભણ્યા હતા. જીવનના દરેક તબક્કે તેઓ પોતાની ભૂમિકા સુપેરે નિભાવતા હતા. લગ્ન કર્યા બાદ ગૃહિણી તરીકે તેઓ બધી જ ફરજ નિભાવતા અને ઘરકામ પણ કરતા. પરંતુ ઘરકામ કરતા અને ફરજો બજાવતા પણ તેમની પાસે ઘણો સમય બચતો. ત્યારે તેમને થયું કે આ સમયનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ અને કંઈક કામ કરવું જોઈએ. પછી તેમણે ઈ.સ. 1950માં પોતાના ઘરમાં જ પાપડ બનાવવાનું શરૂ કરી દીધું. ધીરે ધીરે પાડોશમાં, તેમની ગલીમાં અને પછી આખાય શહેરમાં તેમના પાપડ જાણીતા થવા લાગ્યા. આર્થિક વળતર પણ સારૂ મળવા લાગ્યું હતું. અહીંથી શરૂ થઈ તેમની સફળતાની સફર.

ઈ.સ. 1959માં જસવંતીબહેને પોતાની સંસ્થાની નોંધણી કરાવી. શરૂઆતમાં સાત જેટલી તેમના જેવી પરિશ્રમી મહિલાઓને સભ્ય બનાવી, તેઓ પોતે સંચાલક બન્યા. તેમણે 200 રૂપિયાની લોન લઈને મૂડી ઉભી કરી અને પાપડનો ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો અને પોતાના પાપડને નામ આપ્યું ‘લિજ્જત પાપડ’.

જસવંતીબહેન પોપટ લિજ્જત પાપડ...

Lijjat
SHREE

ધીમે ધીમે ધંધો વિકસતો ગયો અને લોકોમાં એમના પાપડની માંગ વધતી ગઈ. સાથે જ કામ કરનાર બહેનોની સંખ્યા પણ વધતી ગઈ. પાપડ તૈયાર કરવા, પેકિંગ કરવું, માર્કેટીંગ કરવું, વેચાણ કરવું, હિસાબ રાખવો બધું જ મહિલાઓ કરતી રહી. આમ લિજ્જત પાપડ એક પ્રતિષ્ઠિત નામ બની ગયું. એટલું પ્રતિષ્ઠિત કે ટેલિવિઝન અને ન્યૂઝપેપરમાં તેની જાહેરાતો આવવા લાગી. ‘લિજ્જત પાપડ’ લોકોમાં લોકપ્રિય થઈ ગયા. આજે પણ અહીં પાપડ મશીનથી નહીં પરંતુ હાથેથી બનાવીને બજારમાં વેચવામાં આવે છે.

200 રૂપિયાની લોન લઈને જસવંતીબહેને શરૂ કરેલો બિઝનેસ હવે એક વર્ષમાં 800 કરોડનું ટર્નઓવર કરે છે. પાપડના 82 એકમો છે, જે લાખૌ બહેનોને રોજગાર આપે છે.

લિજ્જત પાપડના ફાઉન્ડર જસવંતીબેન પોપટની જીવનચર્યા આજની પેઢીને પ્રેરણા આપે તેવી અને વિચારતા કરી મૂકે તેવી છે. વયોવૃધ્ધ જસવંતીબેન આજે પણ સવારના સાડા ચારે ઉઠી જાય છે પ્રભુભક્તિથી પરવારી પોતાનું કામ સાડા પાંચને ટકોરે તો ચાલુ કરી દે છે. (આડવાત: જસવંતીબેનના કામે લાગી જવાના સમયે આજની મોટાભાગની ભારતીય યુવાપેઢી છેલ્લું ‘ચિકન ડિનર’ પતાવીને સૂવાની તૈયારી કરતી હોય છે!)

લિજ્જત પાપડથી અનેક ગરીબ ઘરની છતાં ખાનદાન ખોરડાની મહિલાઓને રોજગાર મળતો જોઈને જસવંતીબેન અંતરની આનંદિત થઈ ઉઠી કહે છે: “મહિલાઓને ખુદ પોતાની શક્તિ બનતી જોઈને મને થાય છે કે મારું જીવન ધન્ય થઈ ગયું. મહેસૂસ કરું છું કે મારા દરેક પ્રયત્નોનું ફળ ઈશ્વરે મને આપી દીધું.”

લિજ્જતની કમાણી આજે મિલિયન ડોલરની છે. એ ધારે તો હાઇટેક મશીનો ન વસાવી શકે? એકવારનો ખર્ચો કરી નાખે પછી તો પાપડ પણ યાંત્રિક રીતે ફટાફટ બનવા માંડે અને માણસોની જરૂર પણ ના રહે. પણ ના! તો પછી એ ૪૫,૦૦૦ ગૃહિણીઓનું શું? યાદ રાખો: માનવશ્રમથી ચાલે છે એટલે લિજ્જત કારખાનું છે, કાળખાનું નહી!

93 વર્ષની વયે પણ જસવંતીબહેન આજે કાર્યરત છે. મેનેજમેન્ટ સહિત અન્ય કામ પર પણ તેઓ દેખરેખ રાખે છે. આટલી ઉંમરે પણ કામ કરવાનો જુસ્સો અને હજારો મહિલાઓને પ્રેરણા આપતા કિસ્સાને લીધે તેમને પદ્મ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

સંપાદન (સંકલન)

સાહિત્યની ચોરી કેટલી યોગ્ય ?

ઓહો! માનવ હદ કરી! મા સરસ્વતીનાં ઉપાસક કહેવાતો માનવ સમાજ, આજે ધન-ધાન્યની ચોરી કરતાં કરતાં હવે સાહિત્યની ચોરી પર ઉતરી આવ્યો? ખુલ્લેઆમ લૂંટારૂઓ માટે તો પોલીસનો પ્રબંધ કરાય, પણ આવા સાહિત્ય ચોરો માટે શું કરવું ? બીજાની રચના પોતાના નામે કરી મેળવેલ સિધ્ધિ તેને સાચો આત્મસંતોષ આપી શકશે ? મા સરસ્વતી વિદ્યાની દેનાર તેમના શબ્દની સાધના કોઈ વિરલાને ફળે, કલમ પર આશીર્વાદ મા શારદાની ઈચ્છાથી મળતા હોય, અને અમુક ઉઠાવગીરો બીજાની વાર્તા, લેખ, કાવ્યો લઈ તેને પોતાનું નામ આપે. પોતાની જાતને એક સાહિત્યકાર એક ઉમદા લેખક જણાવે, કેટલા અંશે વ્યાજબી?

મિત્રો ! જે શબ્દની ચોરી તમે કરો છો, તે જ શબ્દ તમને મારશે, કદાચ તમે સાહિત્યની ચોરીથી જો રૂપિયા કમાશો તો તે જ તમને નામોશી પણ આપશે. કેમ કે લક્ષ્મી ચંચળ છે, પણ મા સરસ્વતી ક્યારેય દગો દેતા નથી. અનીતિ કરતા શીખવાડતા નથી. એક સાચો લેખક અંતરના તાર વલોવીને, મઠારીને પોતાના અનુભવોના ભાથામાંથી બનાવેલ માખણ જેવી મુલાયમ, અને સત્ય વાતની રજૂઆત, કેટલાયે મનોમંથનનાં અંતે લખતો હોય છે, તેની કલમમાંથી શબ્દરૂપી મોતી ઝરતાં હોય છે, અને જ્યારે તેની રચનાની ચોરી થાય ત્યારે ધન, દોલત કે સુવર્ણ ચોરાયા તેના કરતાં વધુ દુઃખ તેને થતું હોય, તેની આંતરડી રડતી હોય છે. જે વાહ.. વાહનાં સાચા હકદારનો તમે હક છીનવીને પાપ કરો છો, તે યોગ્ય ન ગણાય. જે વ્યક્તિને સહિત્યની ચોરીનો વિચાર આવે તેના જેવો હલકટ, નીચ કોઈ વ્યક્તિ નથી. સમાજ માટે એક કલંક ગણાય છે. મિત્રો! આજકાલ આવી રૂપાળી ચોરીનું પ્રમાણ વધી ગયું છે. કોપીરાઇટસ ગમે તેટલા મૂકીએ , છતાં તેના નક્કર પગલાં લેવાતા નથી. તમારામાં કંઈક લખવાની તેવડ ન હોય તો ન લખો. પણ કોઈની કોપી કરવાં જેવું નીચ કૃત્ય ન કરો. મા સરસ્વતીની સાધના કરો. તમને પણ લખતા આવડશે. જેટલા કલમને વફાદાર રહેશો, તેટલા શબ્દ સાધક બનશો . સાહિત્ય ગ્રુપમાં જોડાઈને રચનાઓની ઉઠાંતરી કરી તેમાં સુધારો વધારો કરવો, વિચારોની ચોરી કરવી, તેમના નામમાં ફેરફાર કરવા , પછી પોતાનું નામ ચઢાવી દેવું ખૂબ જ નીચતાભર્યું કાર્ય અને સમાજમાં પ્રદૂષણ ફેલાવનાર કાર્ય ગણાય.

મિત્રો! આવી સાહિત્યની ચોરી કરનાર તો પોતાનું નામ તો બદનામ કરે છે, પરંતુ માતા-પિતા કુટુંબ ખાનદાનનું નામ પણ બદનામ કરે છે. આવાઓને સરેઆમ ખુલ્લા પાડીને જાકારો આપવો જોઈએ. મોટી મોટી સાહિત્યની ચોરી કરનારા, બીજા નાના લેખકો પર આરોપ, આક્ષેપ મૂકી, પોતાને સાહિત્યકાર ગણાવે છે. પરંતું બીજાની છીનવી લીધેલ પ્રસિદ્ધિ મનને શાંતિ આપે ખરી? મિત્રો ! આજે લાગી રહ્યું છે કે જેટલો ટેકનોલોજીનો વિકાસ થયો તેટલી ચોરીનું પ્રમાણ વધી રહ્યું છે. અસંખ્ય સાહિત્ય ગ્રુપો ખૂબ જ સરસ સેવા અને સાહિત્યને ઉજાગર કરવાનું, નવોદિતને નવી દિશા આપવાનું કાર્ય કરી રહ્યા છે. ત્યારે તેમાં અમુક ચોર લુંટારૂઓ, સફેદ કોલરના બનીને, એકાદ-બે રચના લખી, બીજાઓની ઉઠાંતરી કરવાનું કાર્ય સિદ્ધ કરી લે છે. તમને ખબર પણ નથી પડતી અને પુસ્તકો બની જાય છે. તમારા સુધી એ પુસ્તકો આવી પણ નથી શકતા, અને કદાચ આવે તો તેની ખબર ખૂબ મોડી પડે છે. આમ સાહિત્ય ક્ષેત્રે થતી આવી ચોરીઓએ સમાજ માટે કલંકરૂપ છે. જે સમાજને આપણે લેખન થકી સકારાત્મક અને પ્રેરણાત્મક વાત શીખવીએ છીએ, ત્યાં અમુક તકસાધુઓ આવી ચોરી કરી, તમારા લેખો વિચાર રચનાની ઉઠાંતરી કરી પોતાના ખિસ્સા ભરવામાં પડ્યા હોય છે. ખરેખર આ એક દૂષણ છે. જો આને નાથવામાં નહીં આવે તો ગલીએ ગલીએ ચોર લેખકો ઉભરાશે. સાહિત્યની ગરિમાનું આમ ખંડન ન થવા દેવાય.

કિરણ બી. શર્મા "પ્રકાશ"

અડદપાક..

રસોડાની રાણી

અલ્પા ભદ્રા
"ક્રિષ્ના"

સામગ્રી:

અડદનો કરકરો લોટ 250 ગ્રામ,
ઘી 400 ગ્રામ,
ગુંદ 250 ગ્રામ,
મિક્સ ડ્રાય ફ્રુટ (કાજુ, બદામ, પિસ્તી, કિશમિશ)250 ગ્રામ,
એલચી પાવડર 1 નાની ચમચી,
જાયફળ પાવડર 1નાની ચમચી,
2 લવિંગ - 2 મરી - જરાક ટુકડો તજ - મિક્સ એકદમ બારીક પાવડર,
સૂંઠ પાવડર 2 ચમચી,
દળેલી ખાંડ 250 ગ્રામ, અથવા ગોળ 250 ગ્રામ,
ખસખસ 2 ચમચી,
સુકા ખોપરાનું છીણ 2 ચમચી.

ધાબો દેવા માટે:

2 ચમચી નવશેકું દૂધ,
2 ચમચી ઘી,

બનાવવાની રીત:

સૌ પ્રથમ અડદના લોટને ઘી અને દૂધ નો ધાબો દઈને 30 મિનિટ માટે સાઈડમાં મૂકવું. 30 મિનિટ બાદ લોટને હાથેથી એકદમ સરસ મસળીને છુટ્ટો કરી મોટાં કણવારી છાનની માં ચાળી લેવું. હવે એક જાડા તળીયા વાળા વાસણમાં ઘી ગરમ કરો, ઘી ગરમ થાય એટલે એમાં થોડુ થોડુ કરીને ગુંદ નાખતા જવું. બધો ગુંદ એકસાથે નથી નાખવો, થોડુ થોડુ કરી ને જ તળવું. ગૂંદ થઈ જાય એટલે એજ ઘી મા અડદનો ધાબા વારો લોટ નાખીને મધ્યમ ગેસ પર લોટ બદામી રંગનો થાય ત્યાં સુધી સાંતળવો. લોટ સતત હલાવતા રહેવું નહીતો નીચે ચોંટી જશે.

લોટ શેકાઈ ગયા પછી, તેમાં ઉપરના બધાં જ મસાલા અને ડ્રાય ફ્રુટ નાખીને મિક્સ કરવું હવે તળેલો ગુંદ નાખવું. થોડુ હલાવીને તેમાં દળેલી ખાંડ અથવા તો બારીક સમારેલો ગોળ, જે તમને ભાવતું હોય, એ નાખીને મિક્સ કરવું.
હવે હાથેથી પકડાય એટલું ઠંડુ થાય એટલે આકાર આપીને ઠરવા મૂકવું. ગરમ હસે ત્યાં સુધી એકદમ પોચા હસે અને ઠર્યા બાદ કડક થશે.

આ અડદિયા પાક 1 મહિના સુધી બહાર એકદમ સારા રહે છે, અને ફ્રીજમાં 2 મહિના સુધી રાખી શકાય છે.

ગુલાબપાક...

સામગ્રી:

દેશી તાજા 5 ગુલાબની પાંદડી,
મોડો માવો 300 ગ્રામ,
બારીક રવો 100ગ્રામ,
ઘી 4 ચમચી એટલે કે 50 ગ્રામ,
મિક્સ ડ્રાય ફ્રુટ (કાજુ બદામ પિસ્તા) કતરણ 100 ગ્રામ,
સાકર 150 ગ્રામ,
દુધ 300 ml

અલ્પા ભદ્રા
"ક્રિષ્ના"

રીત:

જાડા તળિયાવાળા વાસણમાં 1 ચમચી ઘી નાખીને માવાને શેકવું. લગભગ બે થી ત્રણ મિનિટ શેકાયા બાદ માવાનો કલર થોડો બદલાશે અને ઘી છૂટું પડશે, એટલે માવાને એક પ્લેટમાં કાઢી લો. હવે બાકી વધેલ ઘી નાખીને રવો ઉમેરી ધીમા તાપે રવાને આછા બદામી રંગનો શેકવો. રવો શેકાઈ જાય એટલે ગેસ બંધ કરી તેમાં શેકેલો માવો, ડ્રાય ફ્રુટ, અને ગુલાબની પાંખડીઓ નાખી સરખું મિક્સ કરી સાઈડમાં મૂકવું. હવે 300ml દુધ ગરમ કરો ગરમ થાય તેમાં સાકર નાખીને મિક્સ કરો, સાકર ઓગળે એટલે રવા અને માવાનું મિશ્રણ નાખીને પેન સાઇડ છોડે ત્યાં સુધી સતત હલાવતા રહો. મિશ્રણ એકદમ લચકા પડતું થાય એટલે ગ્રીસ કરેલી થાળીમાં પાથરી ઠરવા દો. ઠરી જાય એટલે કાપા પાડીને સર્વ કરો.

આ ગુલાબ પાકને ફરાળી બનાવવા માટે રવાની બદલે રાજગરાનો લોટ નાખવો.

નોંધ: ગુલાબની પાંખડીઓ ચાર પાંચ વખત સારી રીતે ધોઈને એકદમ કોરી કરીને જ વાપરવી.

દાદીમાનું વૈદું:

ઊંઘ નથી આવતી??? ડૉક્ટર ની દવાથી આડ અસર નો ભય છે? તો ચિંતા ન કરો, આ રહ્યો ઘરમાં દેશી ઉપચાર. જાયફળ. જાયફળને ભુક્કો અને હળદર નાખેલ ગરમ દુધ રાતે પીવાથી થોડિકજ વારમાં સરસ ઊંઘ આવે છે. અને આની કોઈ જ આડઅસર નથી.



મહેફિલ



જંગલ

એક સફર જંગલનો કરી લઉં!
રાની જીવો સાથે મુલાકાત કરી લઉં!
સાવજ પાસે બેસું
એની કેસરી કેશવાળીમાં હાથ ફેરવી લઉ,
કે રાની પશુઓની મુલાકાત કરી લઉં!
કૂદાકૂદ કરતાં વાંદરા સાથે,
લીલાંછમ વૃક્ષોની ગહેરાઈ માપી લઉં,
શિયાળ પાસે જઈને જંગલના હાલ પૂછી લઉં!
સામે વાઘ 'ને વાઘણનો પરિવાર જોઈને છુપાઈ જાઉં!
ખિસ્સામાંથી મોબાઈલ કાઢી,
એમને હસતાં ખેલતાં કેમેરામાં કેદ કરી લઉં!
એથી આગળ વધું ને રીંછની સવારી કરી લઉં!
મીઠું મધ મળે તો મજાથી ચાખી લઉં,
તળાવ કિનારે બેસી,
ઠીકરાની સપ્તપદી પાણી ઉપર ફેંકી,
એક એક ટપ્પી સાથે ઊંચો નીચો થયે જાઉં,
કૂણાં ઘાસમાં હરણાં ભેગો કૂદકા લગાવી જોઉં,
'શિવ' નામની કિતાબમાં
આખું જંગલ
જેવું છે એવું
બે-જોડ વર્ણવી દઉં !
શિવ છું ને શિવને જ પછી
શબ્દદેહ અર્પણ કરી દઉં...

અંકિત ચૌધરી "શિવ"

અસ્તિત્વ.

અસ્તિત્વ પર પ્રશ્ન તો છે
સ્વયં શું છું?
એ જાણીને શું કરીશ હું?
કરોડો-અબજો મનુષ્યોની ભીડમાં
હું પણ એ જ છું
સાવ સામાન્ય, તુચ્છ,
નબળાઈઓ ને દુર્ગુણોથી ગ્રસિત
ક્યાંક સ્વાર્થી, ક્યાંક નિર્લજ્જ,
ક્યાંક દોષી, ક્યાંક વિચ્છેદક;
ટુકડાઓમાં ટકીને
ટુકડા ટુકડા કરી દેતું છીછરું
એક અસ્તિત્વ
અરે હા !
જો, જવાબ તો
હાથવગો જ હતો !
એ જ છું હું...
એ જ...

અનુમિતા

અક્ષયપાત્ર.

શ્વાસની સંખ્યા નિરંતર ઘટે છે,
આ કેવું શ્વાસનું અક્ષયપાત્ર છે?

ઇચ્છાઓ આગની માફક વધે છે,
આ કેવું ઇચ્છાનું ક્ષયપાત્ર છે?

તમે વફાદારી કરો ને બદલામાં શું ?
આ કેવું પ્રેમનું સુવર્ણપાત્ર છે?

ભણેલા અભણોની સંખ્યા વધે છે?
આ કેવું અકલ્પનીય શિક્ષાપાત્ર છે?

ભલભલા ખેંરખા હાથ જોડી માંગે છે,
આ મંદિર છે કે ભિક્ષાપાત્ર છે?

ભરત વૈષ્ણવ

નહિ હોય. .

નહિ હોય એ વખતે આવજો કહેવાનો સમય તમારી પાસે....
જ્યારે તમારું મોત આવીને ઊભુ હોય તમારી પાસે...
નહિ હોય એ સમયે મિત્રોની લાગણીઓ તમારી સાથે...
જ્યારે તમારું મોત આવીને ઊભુ હોય તમારી પાસે...
નહિ હોય તમારો પરિવાર અને કુટુંબીજનો તમારી સાથે..
જ્યારે તમારું મોત આવીને ઊભુ હોય તમારી પાસે...
નહીં આવે બેંક બેલેન્સ, સોનુ કે હીરા માણેક તમારી પાસે...
જ્યારે તમારું મોત આવીને ઊભુ હોય તમારી પાસે...

ભાનુબેન બી પ્રજાપતિ. " સરિતા"



શેરનો આસ્વાદ. .



"દર્દ ઉભું છે સામે છતાં હારશે,
શક છે, તો પ્રેમથી પ્રેમ માપી જુઓ."
- પ્રશાંત સોમાણી.

કવિશ્રીએ આખી ગઝલ ખૂબ સુંદર લખી છે. જેમાં વર્તમાન પરિસ્થિતિનું તાદૃશ ચિત્ર ઉભું કરતાં, આ શેરના શબ્દો જ કહીં જાય છે કે દર્દ સામે છે છતાં હારશે. વિશ્વ જ્યારે મહામારી સામે ઝંઝૂમી રહ્યું છે, ત્યારે આપણા સૌના જીવન પહેલાંની જેમ સહજ રીતે નથી ચાલી રહ્યાં! એ આપણે સૌએ સ્વીકારવું રહ્યું.

ધનવાન ગરીબ કે મધ્યમ વર્ગ હરેક વ્યક્તિ સામે કોઈ ને કોઈ સમસ્યા ઊભી જ છે, અને જ્યાં સમસ્યા આવે એટલે તેની ખાસ સખી દુ:ખ તો તેનો પાલવ પકડીને પાછળ ઊભી જ હોય; ત્યારે જ કવિશ્રી કહે છે તેમ વ્યક્તિની આધ્યાત્મિક શક્તિથી કે આંતરિક શક્તિથી પોતાની સામે ઉભા થયેલ સમસ્યા રૂપી દુ:ખને એક કાલ્પનિક ઘણી લઇને પોતાની અંદર હકારાત્મક વિચારોના વમળોને પ્રસ્થાપિત કરીને આવેલ દુ:ખો સામે ઉભા છે પણ તે એક દિવસ હારશે જ એમ દ્રઢ નિશ્ચય કરી આવેલ દુ:ખને પાછી પાની કરાવવી રહી.

બીજી પંક્તિમાં કવિશ્રી સમાજના નકારાત્મક ભાવો વાળા વ્યક્તિને કે જે, હકારાત્મક જુસ્સા સાથે સહમત નથી અથવા એમના વિચારોનું ખંડન કરે છે. તેમને ખૂબ સહજતાથી કહે છે કે; જો શક હોય કે, આવેલ દુ:ખો એટલા મોટા છે કે એ કદી હારશે નહીં તો એક સરળ વાતથી સાબિતી મેળવી લે એટલે કે તું પ્રેમ સામે પ્રેમને વરસાવી જો પછી જો પ્રેમની તાકાત. મતભેદો મંતમતાતરોનું સામાજ્ય કેવું ધરાશયી બની જાય છે સાથે જ પ્રેમ દ્વારા રચાયેલ આવરણનું માપ માપી લેતા પ્રેમની હેલીમાં ગમે તેવા દુ:ખો સાવ તણખલા જેવા બની જતાં દેખાય છે. બીજી તરફ દુ:ખોને પણ સ્વાભિમાન નડતું હોય છે જેથી પ્રેમની સરવાણીમાં રોજે રોજ પોતાની અવગણના સહી ન શકતાં પોતાની હાર સ્વીકારી બીજો રસ્તો શોધી આગળ ધપી જતાં હોય છે.

આમ આખા શેરમાં કવિશ્રીએ ખૂબ જ સુંદર રીતે વર્તમાન પરિસ્થિતિમાં આપણને સૌને એકબીજા પ્રત્યે મનાવતા સભર પ્રેમભાવ દાખવી હરેક જીવ સાથે એકતાલ મેળવી પોતાનું તેમજ દરેક જીવનું રક્ષણ કરી મહામારીના દુ:ખને હરાવી દેવાની શબ્દો દ્વારા તાકાત પૂરી પાડી છે.

પ્રીતિ ભટ્ટ "પ્રીત"

કાગડા કાકાને રૂપાળા થાવું

ચાંચે થી આમ તેમ નાહવું.
કાગડા કાકાને રૂપાળું થાવું.

આંગણે જાય ને આવે,
સવારે મહેમાન બોલાવે,
કાં કાં કરીને કર્કશ ગાવું.
.....રૂપાળું થાવું,

લોકોને શોધમાં ભટકાવે,
ભાદરવે ખીર પુરી ભાવે,
સોળ'દિ પિતૃ બની જાવું.
.... રૂપાળું થાવું.

કોયલનો માળો ખુબ ફાવે,
ઉંચી ડાળીએ કપટ કરાવે,
ત્રાંસી આંખે ચબરાક થાવું.
.........રૂપાળું થાવું.

ભરત ગોસ્વામી "ભાવુક"

વ્હાલી નિર્મોહી

મારી શાળા...

આવો આવોને ભાઈબંધ સહુ,
મારી શાળાનું આજ તમને કહું.

મારી શાળામાં બાળકો ભણતા,
ગુજરાતી વાંચેને ગણિત ગણતા.
હું એનાથી આઘો કેમ રહું?
મારી શાળાનું આજ તમને કહું.

રિશેષમાં સહુ કોઈ રમત રમતા,
ગોળ કૂંડાળે સાથે અમે જમતા.
હું તો માનીતો માસ્તરનો થઉં,
મારી શાળાનું આજ તમને કહું.

રોજ સવારે કેવી પ્રાર્થના થાતી,
ભજનની રમઝટ કેવી બોલાતી.
મારી શાળામાં માસ્તર નવ,
મારી શાળાનું આજ તમને કહું.

કરી કસરત બધા તાળી બજાવે,
દાવ દશેદશ બધા અમને ફાવે.
હું સૌથી પહેલાં શાળાએ જઉં,
મારી શાળાનું આજ તમને કહું.

- ચૈતન્ય જોષી. 'દીપક'

ઘડો અને મૂર્તિ

વ્હાલી નિર્મોહી

એક નાનું ગામ હતું. ગામમાં એક કુંભાર રહેતો હતો. તેનું નામ હતું ગોરો કુંભાર! આ ગોરાકુંભાર ગામની છેવાડે રહે. ગોરો કુંભાર તો રોજ નીત - નવા માટીના વાસણ, મૂર્તિ, ઈંટ, કોડિયાં, રમકડાં વગેરે કંઇ કેટલુંય બનાવે. ઘરની પાછળ વાડામાં જ નીંભાડો. એમાં બધું પકાવીને તૈયાર કરે. ગોરો કુંભાર ખૂબ મહેનતુ. રોજ સવારે વહેલો ઊઠી જાય. પોતાના ગધેડાને તૈયાર કરીને દૂર જ્યાં માટી સારી હોય એવી જગ્યાએ પહોંચી જાય. ત્યાંથી માટી ખોદે. તે માટી ગધેડા ઉપર લાદીને પછી ઘરે આવે.

ઘરે આવી ને માટી માંથી પહેલા તો મોટા મોટા કાંકરા, ડાળખાં વગેરે કચરો દૂર કરે. પછી માટીને ચાળે. ચાળેલી માટીનો સરસ મજાનો ઢગલો કરે. ગોરા કુંભારની પત્ની રૂપા પાણી ભરીને લાવે. રૂપા થોડું - થોડું પાણી માટીમાં નાખતી જાય. ગોરો કુંભાર હાથેથી માટીને ગુંદતો જાય. વધારે માટી હોય તો પગથી પણ ગુંદે. આમ માટીને ગુંદી ગુંદીને સરસ મજાના માટીનાં પીંડા તૈયાર કરે. આવા તૈયાર થયેલ પિંડા માંથી ગોરો કુંભાર નીત - નવા વાસણો બનાવે. ક્યારેક ઘડો, ક્યારેક ગોળો, કોડિયાં, કુલડીઓ તાવડી, ગલ્લો, કુંડા કંઇ કેટલુંય બનાવે!

આજે ગોરા કુંભારે બે માટીના પિંડા તૈયાર કર્યા. હવે એક પિંડો હળવેથી લઈને તેને ચાક ઉપર મૂક્યો. ગોરો કુંભાર ચાક ફેરવે અને માટીના પિંડાને ઘાટ આપતો જાય. એક હાથ અંદર રાખે ને બીજા હાથે માટીને ટપારતો જાય. એક હાથે ટપારે, બીજા હાથે ટેકો આપે. આમ, કરતાં કરતાં સરસ ઘડો તૈયાર થયો. સારા શિક્ષકો પણ આમ જ ટપારી - ટપારીને બાળકોની અંદરની ખૂબીઓને વિકસાવતા હોય છે. બસ આજ કામ ગોરો કુંભાર પણ કરે .

'ચરરરર ચર, ચરરરર ચર ચાકડો એ ચલાવતો જાય.
ટપાક ટપાક ટપલીઓ એ મારતો જાય,
માટીમાંથી ઘડાને તો એ બનાવતો જાય.'

ઘડો બની ગયા પછી ગોરા કુંભારે ધીરેથી તેને ચાક પરથી ઉતારી લીધો. ઘડાને તો હવે સૂરજ દાદાના તડકામાં સુકાવા માટે મૂકી દીધો. હવે સુકાતા એક - બે દિવસ તો થાય જ. ગોરા કુંભારે તો હવે બીજો પિંડો લીધો. ગણેશ ચતુર્થી નજીક હતી. ગોરો કુંભાર માટીની ગણેશ દાદાની મૂર્તિ ખૂબ સરસ બનાવે. લોકો મૂર્તિ લેવા ગોરા કુંભારને ત્યાંજ આવે. એટલે ઘડો સુકાઈ ત્યાં સુધીમાં ગોરા કુંભારને થયું કે ચાલો મૂર્તિ બનાવી નાખું.

ગોરાકુંભારે તો માટીનો બીજો પિંડો લીધો. સૌથી પહેલા તો ગણેશ દાદાને બેસવાનો બાજોઠ બનાવ્યો. પછી તો પેટ બનાવ્યું. પલાઠી વાળીને બેઠા હોય એવા પગ બનાવ્યા. સરસ મજાની સૂંઢવાળું માથું બનાવ્યું. ચાર હાથ બનાવ્યા. એક હાથમાં દાદાને ભાવતો નાનો લાડુ બનાવીને મૂકી દીધો. એક હાથમાં અંકુશ મૂક્યો. બીજા હાથમાં પાશ મૂક્યો. થઈ ગયા દાદાના હથિયાર તૈયાર. એક હાથ જાણે બધાને આશીર્વાદ આપે છે એમ બનાવી દીધો. દાદા એકદંતાય કહેવાયને એટલે એક દાંત બનાવી દીધો. સૂપડા જેવા કાન બનાવ્યા. દાદાના માથા પર સરસ મજાનો મૂકુટ બનાવ્યો. અણિયાળી આંખો બનાવી. દાદાના પગ પાસે તેમનું વાહન એવો નાનો મજાનો ઉંદર બનાવ્યો. ગણપતિ દાદાને ભાવતા લાડુનો તો આખો થાળ બનાવીને મૂકી દીધો. ગોરાકુંભારે તો સુંદર મજાની મૂર્તિ બનાવી દીધી.

મૂર્તિને પણ ઘડાની બાજુમાં સૂરજદાદાના તડકામાં સૂકવવા મૂકી દીધી. મૂર્તિને ઘડો, ઘડોને મૂર્તિ બંને એકબીજાની સામે જોઈ રહ્યા. બંને વિચારવા લાગ્યા, એક જ માટી માંથી આપણા બંનેનો જન્મ થયો છે. બંનેનો આકાર કેટલો જુદો - જુદો છે. હજુ તો બંને એકબીજા સાથે વાતો શરૂ કરે તે પહેલાં તો ગોરા કુંભારે આવીને ઘડાને ત્યાંથી ઉપાડ્યો. પછી ઘડાને વાડામાં રહેલા નીંભાડામાં બીજા વાસણો સાથે પકાવવા મૂકી દીધો. નીંભાડાની ભઠ્ઠીમાં ગરમીથી ધીમે ધીમે તપીને બધા માટીના વાસણો પાકા બની જાય.

ઘડો અને મૂર્તિ

બિચારો ઘડો તો તપી તપીને લાલચોળ થઈ ગયો. ઘડો તો જેમ તપે તેમ પાકો થાય. ઘડો જેટલો પાકો એટલું તેમાં વધારે પાણી ઠંડું થાય. લોકો આવો પાકો ને લાલચોળ ઘડો જ પસંદ કરે. ઘડાને તો તપવું જ પડે ભાઈ. ઘડાને તો ખબર જ હોય. લોકોની તરસ બુજાવવી હોય તો તપવું જ પડે. આથી ઘડો તો ચૂપચાપ અંધારું, ગૂંગળામણ બધુજ સહન કરતો રહ્યો. હવે ગોરો કુંભાર ઘડાને નીંભાડા મા તપાવવા મૂકીને, મૂર્તિ પાસે આવ્યા. મૂર્તિને તો પકાવવાની જરૂર જ ના પડે. આ મૂર્તિને તો ક્યાં લાંબો સમય સાચવવાની હોય છે. લોકો દસ દિવસ પૂજા કરે ને પછી પાણીમાં પધરાવી દે. મૂર્તિનું તો આટલું જ ટુંકુ આયુષ્ય હોય છે. ગોરા કુંભારે તો સરસ મજાના લાલ, પીળો, કેસરી બધા રંગો લીધાને મૂર્તિને રંગવા લાગ્યા. ગણપતિદાદાની ધોતીને કેસરી રંગે રંગી. મૂકુટમા તો સરસ મજાનો સોનેરી રંગ ભર્યો. જાણે સાચે જ સોનાનો મૂકુટ ના હોય? દાદાને સરસ મજાના ઘરેણાં પહેરાવીને સુંદર સજાવી દીધા. એટલી સરસ મૂર્તિ બની કે જોવા આવે તે લઇને જ જાય.

હવે તો ઘડો પણ પાકી - પાકીને તૈયાર થઈ ગયો હતો. ગોરા કુંભારે તો બંનેને વેચવા માટે તૈયાર કરી દીધા. એમણે તો ઘડો અને મૂર્તિને પાછા પાસે - પાસે મૂકી દીધા. ઘડાને તો મૂર્તિને જોઈને એવો આનંદ થાય, એવો આનંદ થાય કે ના પૂછો વાત.

ઘડો વિચારે, "અરે અમે તો એક જ માટીના સંતાન છીએ. પણ જુઓ તો ખરા, આ મારા ભાઈને કેવું સરસ રૂપ મળ્યું છે."

બીજી બાજુ મૂર્તિની માટીને તો તેનું આવું સરસ રૂપ જોઈને અભિમાન આવી ગયું. તેણે તો ઘડા સામે જોઇને કહ્યું, "શું આપણે એક જ માટીના સંતાન?"

"ક્યાં તું? અને ક્યાં હું? તું તારું રૂપ તો જો ? તારે તો એક જ રંગ,લાલ"

મૂર્તિએ તો અભિમાનથી ઘડાને કહ્યું ,"જરા મારી સામે તો જો , 'તું તારી તુલના મારી સાથે કરે છે.'હું તો જો કેટલો રંગબેરંગી ને સરસ લાગુ છું."

ઘડો કહે, "સાચી વાત છે.તમે તો ખૂબ જ સુંદર દેખાવ છો."

મૂર્તિ કહે, "તું મારા ભાગ્ય તો જો.હમણાં લોકો વાજતે - ગાજતે મને લેવા આવશે.પહેલા તો મને વંદન કરશે .તું જો તો ખરો તને વંદન કરવાની વાત તો દૂર રહી,તને તો કેવા ચારેકોર ફેરવી - ફેરવીને ટપલા મારે છે!"

ઘડો કહે, "સાવ સાચી વાત છે હો મૂર્તિ ભાઈ તમારી ! મારા ભાગ્યમાં તો ટપલા જ ટપલા છે.પહેલા કુંભારે માર્યા. હવે લોકો મારે છે."

આ સાંભળીને તો મૂર્તિને તો વધારે ચાનક ચડી. મૂર્તિ કહે, "તારું ભાગ્ય જ સાવ ખરાબ છે. જોને તારે તો કેટલું સહન કરવું પડ્યું.પહેલા તો ચાકડે ચડીને ગોળ - ગોળ ફરવું પડ્યું."

ઘડો કહે, "સાવ સાચી વાત છે હો! મને તો એવા ચક્કર ચડતા હતા કે જાણે હમણાં જ પડી જઈશ. ગોરોકુંભાર એમ કંઈ થોડો મને પડવા દે ! એણે તો મને અંદરથી ને બહારથી એમ બંને જગ્યાએથી પકડી રાખ્યો હતો.જોકે કુંભારના ટપલાય બહુ ખાધા હો ભાઈ."

મૂર્તિ કહે, "પછી તો તને ગરમા - ગરમ ભઠ્ઠીમાં નાખ્યો.જોને તને તો તપી - તપીને જ લાલચોળ રંગ મળ્યો.તારું તો કોઈ રૂપ જ નથી."

ઘડો કહે, "સાચી વાત છે ભાઈ તમારી.હું આવો કદરૂપો છું.તો પણ લોકોને મારા વગર ચાલે નહિ હો ભાઈ ! જુઓ બધાજ લોકો મને ખરીદીને લઈ જાય છે ને એમના ઘરે ? જ્યારે તમને તો થોડા લોકો જ ખરીદશે."

ઘડો અને મૂર્તિ

ઘડાની વાત સાંભળીને મૂર્તિની માટી થોડીવાર માટે તો ચૂપ થઈ ગઈ. પછી મૂર્તિ કહે, "સારું,સારું હવે.તમને તો લોકો તેના ઘરમાં સ્થાન પણ ક્યાં આપે? પાણિયારે. જ્યારે મને તો લોકો તેના મંદિરમાં સ્થાન આપશે.મારી રોજ પૂજા કરશે. મને તો રોજ નીત-નવા પ્રસાદ પણ ખાવા મળશે. મારી તો રોજ ધૂપ, દિપ થી આરતી થશે.જ્યારે તમને તો ખાલી પાણી મળશે ! તમારું તે કંઇ જીવન છે? સાવ નકામું."

હવે ઘડાથી ના રહેવાયું. અત્યાર સુધી તો તે મૂર્તિને માન આપીને કશું બોલતો નહતો. ઘડો કહે,

"કરીએ ના આપ વખાણ,
વખાણ પતનની ખાણ.
માટી છીએ માટીમાં ભળવાના,
આમાં શાનું અભિમાન ?
તું મોટો કે હું મોટો ?
આપણે તો ભાઈ ભાઈ.
એક જ માટીના સંતાન."

આ સાંભળીને, મૂર્તિ કહે,
"તું ઈર્ષાળુ , ઈર્ષા ના કર,
પૂજા તું પણ મારી કર."

આ સાંભળીને ઘડો કહે ,
"હું તો એકજ વાતમાં માનું,
જીવનભર બીજાને ઉપયોગી થાઉ.
તરસ્યા લોકો ની,તરસ છિપાવું
આશિષ એમના મીઠા લઈ લઉં."

ઘડો કહે, "મૂર્તિભાઈ, તમને તો લોકો દસ દિવસ રાખશે ઘરમાં.પૂજા આરતી કરશે ને દસમા દિવસે તો જેમ વાજતે - ગાજતે લાવ્યા હતાં,તેમ પાછા વાજતે - ગાજતે ઘરમાંથી લઈ જશે. પછી નદી, તળાવ કે દરિયામાં પધરાવી દેશે.ખાલી દસ જ દિવસનું છે તમારું આયુષ્ય."

જ્યારે હું તો વર્ષોના વર્ષો ઠંડુ પાણી આપતો રહીશ.બધાના આશિષ લેતો રહીશ.કદાચ જો તૂટી જાવને તો પણ લોકો મને તમારી જેમ ફેંકી નહિ દે.મારામાં કોઈ ફૂલછોડ વાવશે.મારી તૂટેલી ઠીબરી ને ઝાડની ડાળીએ બાંધશે.એમાં પાણી ભરશે તો હું પક્ષીઓની પણ તરસ બુજાવીશ.અરે,મારો તૂટેલો કાંઠલો પણ કામ આપે.લોકો કાંઠલા ઉપર બીજી વસ્તુ મૂકશે.મારું તો સમગ્ર જીવન જ બીજા માટે છે. ભાઈ.મારું તો અહોભાગ્ય છે.'

મૂર્તિ તો ચૂપચાપ સાંભળી રહી અને પછી કહે, "ઘડાભાઈ ! તમે વાત તો સાવ સાચી કરી હો! હું તો લોકોને કશા જ કામનો નહિ.મારો તો ખાલી દેખાવ જ મોટો.તમે જ સાચા હીરા છો. જે બીજાને કામ આવે તે જ હીરો,બાકી બધા ઝીરો. ખરેખર પૂજા તો તમારી થવી જોઈએ.હું તો ખોટી અભિમાનથી ફુલાતી હતી."

"મને ખબર છે દસમા દિવસે તો હું ક્યાંય અથડાતી, કુંટાતી હોઈશ.જે લોકો મારી પૂજા કરતા હતા તેમના જ પગ નીચે દબાતી હોઈશ.ધીમે ધીમે પાછી પાણીમાં ઓગળી જઈને માટી બની જઈશ."

ઘડો કહે, "મૂર્તિ ભાઈ સાવ એવું નહિ, લોકો પણ ખૂબ ભક્તિ ભાવથી તમારી પૂજા કરે છે.લોકોને તમારા ઉપર ખૂબ શ્રદ્ધા છે.તમે ભક્તોના દુ:ખ દૂર કરો છો."

આ સાંભળી મૂર્તિ કહે, "ઘડાભાઇ,મને માફ કરી દો. તમે તો કેટલા ઉદાર છો. મેં તો તમને કેટલું કીધું છતાં તમે તો મારું સારું જ કહો છો. ખરેખર તમે મહાન છો."

"જીવન મળે તો તમારા જેવું મળજો.આવતા જન્મે મને પણ બીજાને ઉપયોગી થાઉં એવું જીવન મળે એવી પ્રાર્થના હું મારી જ મૂર્તિ પાસે કરીશ."

ભારતી ભંડેરી"અંશુ"

એક અવાજ
નિર્મોહી

કૃતિ મોકલવાના નિયમ

1. લેખકો વધુમાં વધુ બે પાનાંની મર્યાદામાં જ પોતાનો લેખ મોકલે, કવિઓ એકસાથે વધુમાં વધુ બે રચના મોકલી શકાશે . આમાંથી "નિર્મોહી - એક અવાજ" ટીમ દ્વારા પસંદગી પામેલી કૃતિ પ્રકાશિત થશે.
2. પૂર્વ સ્વીકારાયેલરચનાઓને લીધે પ્રકાશન માટે બે થી ત્રણ માસ જેટલો સમય લાગી શકે છે.
3. "નિર્મોહી - એક અવાજ" સામયિકમાં પ્રકાશન માટે મોકલવામાં આવેલ રચના પૂર્વે કોઈપણ માધ્યમથી પ્રકાશિત થયેલ ન હોવી જોઈએ.
4. આપની કૃતિ મોકલતા પહેલાં "સાર્થ જોડણી કોશ" પ્રમાણે જોડણીની ચકાસણી કરી અને પછી જ મોકલવી, વધારે ભૂલોવાળી કૃતિ સ્વીકારવામાં આવશે નહિ.
5. આપની કૃતિ ગુજરાતી ભાષામાં "શ્રુતિ ફોન્ટ'માં ૧૨ ની સાઈઝમાં ટાઇપ કરીને જરૂરી વિગતો સાથે http://surl.li/zgls લિંકમાં ભરી મોકલવાની રહેશે!
6. લિંકમાં દરેક વિગતો ગુજરાતીમાં જ ભરવી, અધૂરી માહિતી સાથે ભરવામાં આવેલ એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહી .
7. જે તે અંક માટે પસંદ કરવામાં આવેલ રચનાઓની યાદી દર મહીનાની ૧૦ તારીખે નિર્મોહી ઈ મેગેઝિન ફેસબુક પેજ ઉપર મુકવામાં આવશે .
8. રચના મોકલ્યા બાદ અન્ય તમામ માહિતી ઈ મૈઈલ દ્વારા પ્રાપ્ત થતી રહેશે,
9. "નિર્મોહી - એક અવાજ" સામયિકમાં પ્રકાશિત થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહેશે. નિર્મોહી સામયિકના તંત્રી, સહ તંત્રી કે સંપાદક એની સાથે સંમત છે એવું માનવું નહીં,
10. નિર્મોહી - એક અવાજ સામયિક માસિક દર માસની ૧૫ તારીખે ડીઝીટલ માધ્યમથી પ્રકાશિત થાય છે.
11. કૃતિ નીચે પ્રમાણે મોકલવી.

    1. ધારાવાહિક
    2. કાવ્ય અને આસ્વાદ
    3. હેલ્થ લેખ
    4. સાહસ કથા
    5. વ્યક્તિ વિશેષ
    6. Motivational article
    7. વર્તમાન પ્રવાહ
    8. બાળગીત, બાળવાર્તા
    9. વાનગી, દાદીમાનું વૈદું

nirmohimagazine@gmail.com   @nirmohimagazine   નિર્મોહી ઈ મેગેઝિન

નિર્મોહી

એક અવાજ

નિર્મોહી અંક - 06 - 15/01/2022

✉ nirmohimagazine

☎ 9624244390

તમારા મંતવ્યો જણાવવા ક્લિક કરો

https://wa.link/t0lqnj

જાહેરાત માટે સંપર્ક કરો

https://wa.link/t0lqnj

ટેલીગ્રામ ચેનલમાં જોડાઓ

https://t.me/nirmohimagazine

nirmohimagazine@gmail.com

@nirmohimagazine

નિર્મોહી ઈ મેગેઝિન